# ઈમામ(અ.સ.)ની શુધ્ધ મોહબ્બત કેવી રીતે થાય?

આ એક ખુબ જ રૂહાનીય્યતની હેઠળ ઈન્સાની ફિતરતના ઉંડાણથી પૈદા થતો એ સવાલ છે જે નેક લોકો અને નેક તીનતના ઝહેનમાં ઉદ્‌ભવે છે. તેના માટે એ ગ્રહણ કરવું પડશે, એ સમજવું પડશે કે મોહબ્બત છે શું? આ ફિતરતમાં ખુદાએ એવી કઇ ચમકતી વસ્તુને મુકી છે જે ઈન્સાનને બુલંદીઓ તરફ લઇ જવા માટે જઝબો પૈદા કરે છે.

## મોહબ્બતની વ્યાખ્યા:

માનસ વિજ્ઞાનના નિષ્ણાંતો મોહબ્બતની વ્યાખ્યા કરતા લખે છેઃ આ એક વલણ જેને અંગ્રેજીમાં Instinct કહે છે. આ શબ્દની સમજુતી શક્ય છે પરંતુ તેની કોઇ સંપૂર્ણ વ્યાખ્યા શબ્દોની ગોઠવણીની સાથે વાક્યોમાં કરવી શક્ય નથી. એટલુ જરૂર કહી શકાય છે કે તે નફરતનું વિરૂદ્ધાર્થ છે. મનોવિજ્ઞાનના નિષ્ણાંતોનું એવું પણ કહેવું છે કે જેટલા વલણો એક સજીવમાં મળી આવે છે તે બધાની માઁ 'મોહબ્બત' નું વલણ છે અને આગળ વધીને એ કહે છે સજીવના તમામ અવયવોની હરકતો અને સ્થિરતા, આદતો અને રીત ભાત, ખાવુ અને પીવુ, ચાલવુ અને બોલવુ, રીઝ્ક માટે કોશિશ, મનના આવિષ્કારો, ફિક્રની શૈલી, કોશિશ અને બચાવ, સમૂહ જીવન, ટૂંકમાં તમામ જીવન આ મોહબ્બતની ધરી પર ફરે છે.

## મોહબ્બત અને નફસની ઇચ્છાઓ:

અહીં મનોવિજ્ઞાનના નિષ્ણાંતે એક મોટી ભુલ એ કરી છે કે નફસાની ખ્વાહીશાત જે નફસે અમ્મારાથી હોય છે તેને પણ મોહબ્બતના પવિત્ર વલણની સાથે જોડી દીધી છે અને વાત એટલી બધી સામાન્ય થઇ ગઇ કે સાહિત્યકારો અને ભાષાશાસ્ત્રીઓએ મોહબ્બતના બે હિસ્સા કરી દીધા. એક હકીકી મોહબ્બત અને એક મજાઝી મોહબ્બત. જો કે ઇસ્લામમાં મોહબ્બત અને મોવદ્દત એક નૂર છે જે અશરફીયત ધરાવનાર ઈન્સાનને વિકાસની મંઝીલ તરફ લઇ જાય છે.

## ઈસ્લામની માન્યતા – ઈસ્લામ અને કુર્આનઃ

મનોવિજ્ઞાનના નિષ્ણાંતોના અનુભવો અને સમજુતીથી ખુબ જ ઉચ્ચ જઇને ઇસ્લામે મોહબ્બતની વ્યાખ્યામાં અમુક વિસ્તૃત અને સંપૂર્ણ વાક્યો વર્ણવ્યા છે. કુર્આને કરીમમાં એક આયત ઉપર વિચાર કરવાથી ઝહેન સાફ થઇ જાય છે અને મોહબ્બતની તાકત સમજમાં આવવા લાગે છે. તે આયત એ છેઃ **''ઇન્ની લકુમ્ રસુલુન અમીનુન ફત્તકુલ્લાહ વ અતીઉને'' ''હું તમારા માટે એક રસુલ છું અને અમાનતદાર છું. માટે અલ્લાહનો તકવા અપનાવો અને મારા ફરમાબરદાર થઇ જાવ.''** (સુરે શોઅરા, આયતઃ ૧૦૭-૧૦૮)

જાહેરી રીતે આ આયતે શરીફાનું નુઝુલ પૈગમ્બરે અકરમ(સ.અ.વ.)ની બેઅસતનો હેતુ બયાન કરે છે પરંતુ વિચાર કરવાથી અને વિચારોને ચલાવ્યા બાદ છુપાયેલા રહસ્યોનુ લખાણ અક્લ અને સમજણ પર ઉભરવા લાગે છે. જેમકે પછીની બીજી આયત જ્યારે આપણે પઢીએ છીએ તો તે આગળ વધીને આપણને રસ્તો દેખાડે છેઃ ''વ મા અર્સલ્નાક ઈલ્લા રહમતન લીલ્ આલમીન'' (સુરે અંબિયા, આયતઃ ૧૦૭) ખુદાની રેહમતોની પરંપરા નેકુકાર અને બુરા લોકો પર હંમેશા શરૂ છે અને તેનું માધ્યમ હુઝુરે સરવરે કાએનાત છે. અહીં ખુદાની રેહમતનો ઝિક્ર કરતા કાએનાતના ખાલિકની મોહબ્બત પોતાની મખ્લુક પ્રત્યે એટલી બધી વધારે છે કે તે કોઇ પણ સજીવને પોતાની રેહમત અને નેઅમતથી મેહરૂમ નથી રાખતો. આ મોહબ્બતના તકાઝાઓને પુરા કરવા માટે એક બહુ મુલ્ય અમાનત સોંપીને આં હઝરત(સ.અ.વ.)ને રિસાલત સાથે મબઉસ કર્યા. તેઓ જે

અનુસંધાન પાના નં. ૨૬ ઉપર ...

# ઈમામે ઝમાના(અ.સ.)ની માઅરેફત, મહત્વ, રૂકાવટો અને કારણો

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની ખૂબ જ મશહુર હદીસ છે જેને શીઆ અને સુન્ની મોહદ્દીસોએ વર્ણવી છે અને તેને સહીહ અને મોઅતબર હોવાની સ્પષ્ટતા કરેલ છે. તે મોઅતબર હદીસ આ છે:

*''જે પોતાના ઝમાનાના ઈમામ(અ.સ.)ની માઅરેફત વગર મૃત્યુ પામે તેની મૌત જાહેલીય્યત અને કુફ્રની મૌત હશે''*

જાહેલીય્યત અને કુફ્રની મૌતનો અર્થ એ છે કે મૈદાને કયામતમાં તેની નજાતની કોઇ શક્યતા નથી. તે કયામતના મૈદાનમાં દર્દનાક અઝાબમાં ગિરફતાર થશે. નજાતનો સંપૂર્ણ આધાર એ વાત પર છે કે ઇન્સાનનો અંજામ ખૈર પર થાય, સહીહ અકીદાની સાથે દુનિયામાંથી જાય, મૌત ઇસ્લામ અને ઇમાન પર આવે. મુસલમાન અને મોઅમીન મરવા માટે ઝમાનાના ઈમામ(અ.સ.)ની માઅરેફત જરૂરી છે.

## માઅરેફતે તૌહીદ:

ઈમામે વક્તની માઅરેત ફક્ત ઇમામતના અકીદા પુરતી જ જરૂરી નથી પરંતુ તૌહીદનો અકીદો (જે તમામ અકાએદ અને આમાલની બુનિયાદ છે)ની સંપૂર્ણતા માટે પણ ઇમામે વક્તની માઅરેફત લાઝીમ અને જરૂરી છે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું:

*''ચોક્કસ તે જ શખ્સ ખુદાની માઅરેફત રાખે છે અને તેની ઇબાદત કરે છે જે અમો એહલેબૈત(અ.મુ.સ.)થી પોતાના ઝમાનાના ઈમામની માઅરેફત રાખે છે''*

(કાફી:૧/૧૮૧)

## માઅરેફત અને ઇબાદત:

ઇન્સાનની ઝીંદગીનો મકસદ ખુદાની ઇબાદત અને ઇબાદત માટે ખુદાની માઅરેફત જરૂરી છે. માઅરેફતે ખુદાના માટે પોતાના સમયના ઈમામની માઅરેફત જરૂરી છે. આથી ઇમામે વક્તની માઅરેફત ઝીંદગીની ખૂબ જ મહત્વની જરૂરત છે.

દુનિયામાં એક એવો પણ સમૂહ છે જે (વચ્ચે વચ્ચે.....) જીંદગી જીવે છે. એટલે કે ન તો તે ઈમામે વક્તનો મુન્કિર છે અને ન તો ઈમામનો ઇકરાર કરવાથી દામન ખેંચે છે અને આવી રીતે પોતાને સુરક્ષિત સમજે છે. આવા લોકો માટે હઝરત ઈમામ જાફર સાદિક(અ.સ.) ફરમાવે છે:

*''જે ન અમારી માઅરેફત રાખે છે અને ન તો અમારો ઇન્કાર કરે છે, તે ગુમરાહ છે. ત્યાં સુધી કે તે એ હિદાયતની તરફ પાછો આવે જે ખુદાએ અમારી વાજીબ ઇતાઅત અને પૈરવીના સ્વરૂપમાં ફરજ કરી છે, અગર તે પોતાની ગુમરાહી પર મરી ગયો તો ખુદા જે ચાહશે તે કરશે''*

(કાફી: ૧/૧૮૭)

માઅરેફત ન રાખવી કુફ્ર અને જાહેલીય્યત છે. ન ઇન્કાર ન ઇકરાર એ ઝલાલત અને ગુમરાહી છે. બંનેનો અંજામ કયામતમાં તબાહી છે.

## માઅરેફતનું મહત્વ:

આંખ બંધ કરીને કોઇની તકલીદ કરી લેવાનુ નામ ઇસ્લામ નથી પરંતુ ઇસ્લામ તમામ લોકોને ગૌરો ફિક્ર, તલાશ અને સંશોધનની દાવત આપે છે. ઇસ્લામ બાપ-દાદાઓની આંધળી તકલીદ, દકયાનુસી રસ્મો રિવાજની પાબંદીનો માનવાવાળો નથી. દીને ઇસ્લામનો દરેક અકીદો અને દરેક હુકમ મજબુત ઇલ્મી બુનિયાદો પર આધારિત છે. ઇસ્લામની નઝદીક મઅરેફતનું નૂર ઇમાનના દિલમાં જળહળતુ રહે છે અને તેની બુનિયાદ પર ઇમાનની ફઝીલત અને દરજ્જાઓ બુલંદ થાય છે. આથી ઈમામ(અ.સ.) ફરમાવે છે:

*"તમારામાંથી અમૂકની નમાઝો વધારે છે, અમૂકના હજ વધારે છે, અમૂકે સદકાઓ વધારે આપ્યા છે, અમૂકે રોઝાઓ વધારે રાખ્યા છે પરંતુ સૌથી વધારે ફઝીલતવાળો એ છે જેની માઅરેફત વધારે છે"*

(સિફાતુશ્શીઆ, પાનાઃ૯૩, હદીસ નં.૨૮)

દીને ઇસ્લામની રૂહ માઅરેફત છે. માઅરેફત જેટલી મજબુત હશે અને જેટલી સાચી બુનિયાદો પર આધારિત હશે એટલી જ તેના અમલની કૈફીયત બેહતર હશે. અમલમાં ઇખ્લાસ માઅરેફતમાં ખૂબ વધારાનું કારણ બને છે.

દીને મુકદ્દસે ઇસ્લામમાં માઅરેફત એટલી બધી મહત્વની છે કે તેના વગર કોઇ અમલ કબુલ નહી થાય.

હઝરત ઇમામ જઅફર સાદિક(અ.સ.) ફરમાવે છેઃ

*"ખુદાવંદે આલમ માઅરેફત વગર કોઇ અમલ કબુલ નહી કરશે અને માઅરેફત માત્ર અમલ થકી હાસિલ થશે. જે માઅરેફત ધરાવે છે તેની માઅરેફત તેને અમલની તરફ માર્ગદર્શન કરે છે. જે અમલ નથી કરતો તે માઅરેફત નથી ધરાવતો"*

(કાફી, ભાગઃ૧, પાનાઃ૪૪, હદીસ નં.૨૧)

ખુલાસો એ છે કે અમલ વગરની માઅરેફત મધ વગરનો મધપુડો છે કારણ કે તે અંજામથી અજાણ છે અને જે વિચારીને પગલા નથી ભરતો તેને શું ખબર પડે કે ખૌફ શું છે? હા, એ જરૂર છે કે એક માઅરેફત ધરાવનારના માટે જીંદગીની રાહમાં પગલે પગલે રૂકાવટોના મોટા મોટા પથ્થર પણ આવે છે. તેમાંથી અમૂકનો અમે ઉલ્લેખ કરીએ છીએ.

## મઅરેફતના રસ્તાની રૂકાવટોઃ

આપણે સૌ જાણીએ છીએ કે ખુદા અને રસુલ (સ.)ની મઅરેફત હાસિલ કરીએ, એહલેબૈતે અત્હાર(અ.મુ.સ.)ની માઅરેફત હાસિલ કરીએ, ઇબાદત કરીએ, દરજાત હાસિલ કરીએ. અગર આપણે ખરેખર મઅરેફતના સૌથી ઉંચા દરજ્જા હાસિલ કરવા ચાહીએ છીએ અને મઅરેફત સાથે ઝીંદગી પસાર કરવા ચાહીએ છીએ તો આ અડચણોને સમજવી પડશે જે આપણને મઅરેફતની મહાન નેઅમતથી મહરૂમ કરી દે છે અને પછી આ રૂકાવટોને દુર કરવા માટે ખુદા, રસુલ અને એહલેબૈત(અ.મુ.સ.)ની મદદ માંગતા અસરકારક પગલા લેવા જોઇએ. ખુદાથી દુઆ કરીએ છીએ કે આપણને આ રૂકાવટોને ખુબ સારી રીતે સમજવાની અને તેનાથી સુરક્ષિત રહેવાની ભરપૂર તવફીક અતા ફરમાવે (આમીન)

### ૧. નફસાની ખ્વાહીશાતઃ

મઅરેફતના રસ્તામાં મોટી અડચણ નફસે અમ્મારહ અને તેની ખ્વાહીશો છે. ખ્વાહીશાતની પયરવી સાચા રસ્તાથી ફેરવી દે છે ખુદાવંદે આલમ કુરઆને કરીમમાં ઇરશાદ ફરમાવે છે કેઃ

*"શું તમે એ શખ્સને જોયો છે, જેણે પોતાની ખ્વાહીશોને પોતાનો ખુદા બનાવી લીધો છે, ખુદાએ તેના ઇલ્મ પર તેને ગુમરાહ કરી દીધો છે. તેના કાન અને દિલ પર મહોર લગાવી દીધી છે અને તેની આંખો પર પરદો નાંખી દીધો છે. હવે ખુદા સિવાય કોણ તેને હિદાયત આપી શકે છે? શું તમે તેનાથી સબક હાસિલ નથી કરતા?"*

(સુરએ જાસીયાહઃ૨૩)

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.) ફરમાવે છેઃ

*"ખ્વાહીશાત શયતાનની શિકાર કરવાની જગ્યા છે"*

(ગોરરૂલ હકમ, હદીસઃ૫૮૩)

*"અકલની આફત ખ્વાહીશાતની પૈરવી છે."*

(ગોરરૂલ હકમ, હદીસઃ૩૯૨૫)

*"નફસાની ખ્વાહીશાતના પૈરવકારોની સાથે ઉઠવુ બેસવુ ઇમાનને ભુલાવી દે છે અને શયતાનને બોલાવે છે."*

(નહજુલ બલાગાહ, ખુત્બોઃ૮૬)

*"જે દુનિયાની મોહબ્બતમાં ફસાયેલો રહે છે, તે તેની આંખોને આંધળી કરી દે છે. તેના દિલને બિમાર કરી દે છે, પછી તે ખામીવાળી આંખથી જુએ છે અને ન તેનુ સાંભળવુ સહીહ છે. (એટલે કે તેની દ્રષ્ટી સહીહ*

*નથી અને તેનુ સાંભળવુ બરાબર નથી) ખ્વાહીશાતે તેની અક્લને છીન્ન ભીન્ન કરી નાખી છે. દુનિયાએ તેના દિલને મૃત બનાવી દીધુ. નફ્સ તેના પર ગાલિબ આવી ગયો છે. તે હવે નફ્સનો અને જે ચીજો તેની પાસે છે તેનો બંદો અને ગુલામ છે. તે જ્યાંથી તે (નફ્સ) મોઢુ ફેરવી નાંખે છે તે પણ પોતાનું મોઢુ ફેરવી નાંખે છે અને જ્યાં તે (નફ્સ) રૂખ કરે છે ત્યાં તે ધ્યાન આપે છે.''*

(નહજુલ બલાગાહ, ખુત્બોઃ૧૦૯)

*''હિકમતની વાતો અને ખ્વાહીશાત એક સાથે જમા થઇ શકતી નથી''*

(ગોરરૂલ હકમ, હદીસઃ૨૩૫૬)

*''પોતાના દિલને તકવાનો એહસાસ કરાવો નફસાની ખ્વાહીશાતનો વિરોધ કરો તમે શયાતાન પર ગાલિબ આવી જશો.''*

(ગોરરૂલ હકમ, હદીસઃ૧૦૫૭૩)

નફસાની ખ્વાહીશાતની પયરવી કરવી એ મઅરેફતની રાહમાં બહુ જ મોટી રૂકાવટ છે. મઅરેફત હાસિલ કરવાના અમુક રસ્તા છે. ૧. અક્લ ૨. આંખ ૩. કાન

અક્લ વડે હકીકતો સમજમાં આવે છે. આંખથી જોઇને, કિતાબ વાંચીને વાત સમજમાં આવે છે. કાનથી સાંભળીને વાત દિલમાં ઉતરે છે. ખ્વાહીશાત આ તમામ પર પરદો નાખી દેય છે અથવા તેને બિમાર અને કમઝોર બનાવી દેય છે, જેના લીધે સાચુ સ્વરૂપ દેખાતુ નથી, અગર ચશ્મા સાફ ન હોય તો દ્રશ્ય બરાબર નહી દેખાય. જ્યારે દિલના અરીસા પર ખ્વાહીશાતની ધૂળ લાગી જાય છે ઇન્સાન હકીકતોથી ગાફિલ થઇ જાય છે.

અગર આપણે અત્યારે હઝરત હુજ્જત ઇબ્નીલ હસન અસ્કરી(અ.સ.)ની મઅરેફતથી મહરૂમ છીએ અથવા ખુબ ઓછી મઅરેફત ધરાવીએ છીએ તો તેનું એક કારણ નફસાની ખ્વાહીશાતની પયરવી છે. ખ્વાહીશાતે દિલની દુનિયાને એટલી બધી ગંદી કરી દીધી છે કે ઇમામે મઅસૂમ(અ.સ.)ની પાક મઅરેફત તેમાં જગ્યા નથી મેળવી શકતી.

અગર ખુદા દિલની આંખો ખોલી દે અને દુનિયાની હકીકતથી જાણકાર બનાવી દે તો નફસાની ખ્વાહીશાતની પયરવીથી નજાત મેળવી શકે છે. તેના માટે ખુદાની બારગાહમાં સાચા દિલથી અને ખુલૂસતાપૂર્વક ઇમાન સાથે નિયમિત દુઆ કરવાની જરૂરત છે. આના બારામાં હઝરત ઇમામ ઝયનુલ આબેદિન(અ.સ.)ની સહીફએ સજ્જાદીય્યાની દુઆ નંબર-૮ બેહતરીન મદદગાર સાબિત થઇ શકે છે.

## ૨. ગુનાહ

મઅરેફતના રસ્તામાં એક જબરજસ્ત રૂકાવટ ગુનાહ છે. ખુદાવંદે આલમ કુર્આને મજીદમાં ઇરશાદ ફરમાવે છેઃ

*''તેઓના આમાલે તેઓના દિલો ઉપર કાંટ લગાવી દીધો છે. ''*

(સુરએ મુતફફેફીનઃ૧૪)

આ આયતની તફસીરમાં હઝરત રસુલે ખુદા ઇરશાદ ફરમાવે છેઃ

*''ગુનાહ પર ગુનાહ કરવાથી દિલ કાળુ થઇ જાય છે''*

(મવસૂઅતુલ અકાએદુલ ઇસ્લામીય્યા, ભાગ-૨, પાના-૧૭૧)

*આપ હઝરતે એ પણ ફરમાવ્યુ કે ''જ્યારે મોઅમીન કોઇ ગુનાહ કરે છે તો તેના દિલમાં એક કાળો નૂકતો પૈદા થાય છે, અગર તેઓ ગુનાહથી તૌબા કરી લે છે તો તે નૂકતો દૂર થઇ જાય છે અને દિલ સાફ થઇ જાય છે અને અગર ગુનાહમાં વધારો થતો રહે છે તો આ નૂકતો વધતો રહે છે. આ જ એ કાટ છે જેનો ખુદાએ પોતાની કિતાબમાં ઉલ્લેખ કર્યો છે. ''તેઓના આમાલે તેઓના દિલોને કાંટ લગાવી દીધો છે''*

(કાફી ભાગ-૨, પાના-૨૭૧, હદીસ નંબર-૧૩)

હઝરત ઇમામ મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છેઃ

''દિલને સૌથી વધારે ખરાબ કરવાવાળી ચીઝ ગુનાહો છે''

(કાફી ભાગ-૨, પાના-૨૭૫)

હઝરત અલી (અ.સ.) ફરમાવ્યુઃ

*''ગુનાહોથી વધારે બીજી કોઇ ચીજ નથી જે દિલ માટે દર્દનાક હોય''*

(કાફી ભાગ-૨, પાના-૨૭૫)

નબી(સ.અ.વ.)એ ફરમાવ્યુઃ

*“જ્યારે બંદો કોઈ ગુનાહ કરે છે તો એ વાત ભૂલી જાય છે, જેને તે જાણતો હોય છે”*

(મવસૂઅતુલ અકાએદુલ ઈસ્લામીય્યા, ભાગ-૨, પાના-૧૭૨)

ગુનાહો દિલને કાળુ કરી નાંખે છે, ચહેરાને રોનક વિનાનો કરી દે છે, અમલને કમઝોર બનાવી દે છે.

“ચાર ચીજો દિલને મુર્દા બનાવી દે છે, તેમાંથી એક ગુનાહ પર ગુનાહ કરવા તે છે”

(મવસૂઅતુલ અકાએદુલ ઈસ્લામીય્યા, ભાગ-૨, પાના-૧૭૨)

દીને ઈસ્લામમાં ઈલ્મ, સમજ અને ઈમાનનું કેન્દ્ર દિલને ગણવામાં આવ્યુ છે.

*“તેઓની પાસે દિલ છે, સમજતા નથી”*

(સુરએ અઅરાફઃ ૧૭૯)

*“ઈમાન તમારા દિલોમાં દાખલ જ નથી થયુ”*

(સુરએ હોજોરાતઃ ૧૪)

*“શું તેમના દિલો ઉપર તાળા લાગેલા છે? ”*

(સુરએ મોહમ્મદઃ ૨૪)

જ્યારે કે ગુનાહની સૌથી પહેલા અને સૌથી વધારે અસર દિલ પર થાય છે. જ્યારે સમજણ અને ફહેમનું કેન્દ્ર અસરગ્રસ્ત થાય છે, તો તેની અસર મઅરેફત પર જરૂર થશે, આથી ગુનાહો અને ખાસ કરીને ગુનાહો પર ગુનાહ મઅરેફતના રસ્તામાં મોટી રૂકાવટ છે.

આથી અગર આપણે આપણા ઝમાનાના ઈમામ હઝરત હુજ્જત ઈબ્ને હસન અસ્કરી(અ.સ.)ની મઅરેફત હાસિલ કરવા ચાહીએ છીએ તો જે ગુનાહ થઈ ગયા છે તેના માટે ખુદાની બારગાહમાં ખુલૂસ દિલથી ઈસ્તીગફાર અને તોબા કરવી પડશે. મોહમ્મદ(સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)નો વાસ્તો આપીને માફી અને બક્ષીશની દુઆ કરવી પડશે અને દિલના અરીસાને ગુનાહોથી સુરક્ષિત રાખવા માટે ચારિત્ર્યને ગંદકીથી મહેફુઝ રાખવા માટે એહતિયાતથી કામ લેવુ પડશે અને ખુદાની બારગાહમાં બેહતરીન તૌફીકાતની માંગણી કરવી પડશે કારણકે મઅરેફતે ઈમામ (અ.સ.) એક અમુલ્ય મુડી છે, તેની રાહમાં રૂકાવટોને દૂર કરવી પડશે અને તમામ પ્રકારની ગંદકીથી તેને પાક રાખવી પડશે, જેથી કયામતના મયદાનમાં ખુદાની બારગાહમાં આ અમુલ્ય મુડીને રજુ કરી શકાય. તેનાથી હાસિલ થયેલ પરિણામો કયામતની સખ્તીઓથી નજાતનો સબબ હશે. એ વાત નક્કી છે કે ઈલાહી તવફીક વગર અને ઈમામ(અ.સ.)ની મદદ વગર ગુનાહોથી દૂર રહેવુ આસાન કામ નથી. અગર ઈલાહી તવફીક અને ઈમામ(અ.સ.)ની મદદ પ્રાપ્ત થાય તો ઈન્સાન કાંટાઓના જંગલથી પણ બચીને પસાર થઈ શકે છે અને આ તવફીક નેક આમાલ, પાક નિય્યત, ખુલૂસ દિલ અને સતત દુઆઓથી હાસિલ થાય છે.

કારણકે દિલ મઅરેફત અને સમજણ શક્તિનું કેન્દ્ર છે, તેને સખ્તાઈથી સુરક્ષિત રાખવુ પડશે, કારણકે પથરાળ જમીન પર દાણાઓ ઉગતા નથી. દાણા માટે નરમ જમીનની જરૂર હોય છે. એ દિલ કે જે ગુનાહો, હુબ્બે દુનિયા, ગુસ્સો, ઈલાહી આયતોને જુઠલાવવી, બીજાઓ ઉપર ઝુલ્મો સિતમ કરવાથી સખ્ત થઈ ગયુ હોય તેમાં મઅરેફતના ફળ ઉગતા નથી. સમજણ અને યકીનના બગીચાઓ નથી લહેરાતા, કઠણ દિલ ખુદાની બારગાહમાં આજીજી કરવાથી, ગુનાહો પર શરમીંદા થઈ આંસુ વહાવવાથી નરમ થાય છે. જેવી રીતે વરસાદ મુર્દા જમીનને જીવંત કરે છે, તેવી જ રીતે પછતાવો, ઈસ્તીગ્ફાર અને તૌબાના આંસુ મુર્દા દિલોને જીવંત કરી દે છે. કાંટ, ગંદકી અને ધૂળને સાફ કરીને એવી રીતે આઈનો બનાવી દે છે કે દિલ ખુદા અને ખુદાવાળાઓની મોહબ્બતથી નુરોનું કેન્દ્ર બની જાય છે.

હાલના સમયમાં રોજગારની ફિકરના લીધે ઈન્સાનને એટલો બધો મશગૂલ અને પ્રવૃત કરી દીધો છે, દિવસે ને દિવસે ઉભા થવાવાળી શંકા અને કુશંકાઓએ ફિક્ર અને નજરને એટલી બધી પ્રભાવિત કરી દીધી છે કે ઈમાન પર સાબિત કદમ રહેવુ સહેલુ નથી. આ પરિસ્થિતિમાં ખુદાની યાદથી ગફલત, રોજીંદા જીવનનો દુર્વ્યય, રિત-રીવાજોને બજાવી લાવવા માટે ખોટા ખર્ચા, થોડાક લોકોની ટીકાથી બચવા માટે ખુદાવંદે આલમના હુકમોની વિરૂધ્ધતા, લાંબી લાંબી આશાઓ, દુનિયાને હાસિલ કરવી, ડગલે ને પગલે અભિમાન, ખુદ-પસંદી, રિયાકારી, જીંદગીની જરૂરીયાતો પ્રાપ્ત કરવા માટે વધારે અને વધારે હવસ, સંતોષ અને તવક્કલથી અજાણતા વાત વાતમાં નારાજ થવુ, ડગલે ને પગલે ગુસ્સો,

જીભ અને અવાજને બગાડવુ, કમઝોરો ઉપર ઝુલ્મો સિતમ, લહવો લહબમાં ખૂબજ દિલચસ્પી, પક્ષપાત અને કીનો, વ્યર્થ ચર્ચા અને વાતચિત, ઉચ્ચતા બતાવવા માટે ઇલ્મને જાહેર કરવુ, ટેકેદારો પર રોબ જમાવવા માટે પોતાની કાબેલીયત જાહેર કરવી, હઠધર્મી અને જીદ, ખાવા પીવામાં હરામ હલાલની બેદરકારી, પેટ ભરવુ અને પેટ પુજા આ એ બાબતો છે જે ઇન્સાનને ખુદા અને ખુદાવાળાઓથી ગાફિલ કરી દે છે, દિલને સખ્ત કરી દે છે, મઅરેફતના નૂરને ફિક્કુ કરી દે છે અને ક્યારેક સતત ગફલત અને ગુનાહ બીજા રસ્તા ઉપર લગાવી દે છે.

આવી અન્ય રૂકાવટો છે જે મઅરેફત માટે રસ્તાને બંધ કરી દે છે, એટલા માટે પાકીઝા મઅરેફતના દામનને બચાવવામાં રૂકાવટોથી સાવચેત અને ખબરદાર રહેવુ જોઇએ.

## મઅરેફતના સબબોઃ

રૂકાવટોની સાથો સાથ એ અસ્બાબ અને પરીબળોને જાણવા પણ જરૂરી છે જે મઅરેફતમાં વધારાના કારણ બને છે. રૂકાવટોને દૂર કર્યા બાદ જમીન તૈયાર થાય છે, હવે તેમાં મઅરેફતની ખેતી જરૂરી છે. નીચે ટુંકમાં અમુક મહત્વની બાબત તરફ ઇશારો કરીએ છીએ.

### ઇનાયાતે ખુદાવંદીઃ

નબી(સ.અ.વ.)એ ફરમાવ્યુઃ

*‘‘જ્યારે ખુદાવંદે આલમ કોઇ બંદાને નેકી અને ખૈર અતા કરવા ચાહે છે, તો તે દીનમાં ઉંડી સમજણ અને બસીરત અતા કરે છે, હિદાયતનું ઇલ્હામ કરે છે.’’*

(મવસૂઅતુલ અકાએદુલ ઇસ્લામીય્યા, ભાગ-૨, પાના-૧૩૬, હદીસ-૧૭૯૫)

ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુઃ

*‘‘જ્યારે ખુદાવંદે આલમ કોઇ બંદાને નેકી અને ખૈર અતા કરવા ચાહે છે, તો તેના દિલમાં એક સફેદ નુક્તો પૈદા કરે છે. તેના દિલના કાન ખોલી દે છે, એક ફરિશ્તાને તેની સાથે કરી દે છે, જે તેને સાચો રસ્તો બતાવતો રહે છે.’’*

(બેહારૂલ અન્વાર, ભાગ-૭૦, પાના-૫૭, હદીસ-૩૦)

### ઇખ્લાસઃ

નબી(સ.અ.વ.)એ ફરમાવ્યુઃ

*‘‘જ્યારે કોઇ બંદો ૪૦ દિવસ સુધી ખુલુસથી ખુદાની ઇબાદત કરે છે તો હિકમતની વાતો તેના દિલથી તેની ઝબાન પર જારી થાય છે.’’*

(ઉદ્દતુદ દાઇ, પાના-૨૧૮)

હઝરત અલી(અ.સ.) ફરમાવે છેઃ

*‘‘જ્યારે ખુલૂસ આવી જાય છે તો બસીરતો નૂરાની થઇ જાય છે.’’*

(ગોરરૂલ હેકમ, હદીસ-૬૨૧૧)

આપણા અમલમાં જેટલો ખુલૂસ હશે તેટલી મઅરેફતમાં વધારો થશે. ખુલૂસની સાથે અમલ કરવો તે આપણું કામ છે, દિલમાં મઅરેફત અને હિકમતના ઝરણાઓ જારી કરવા એ ખુદાની જવાબદારી છે. ખુદા ચોક્કસ તેનો વાયદો પુરો કરે છે, બલ્કે અપેક્ષા કરતા વધારે આપે છે.

### મોહબ્બતે એહલેબૈત(અ.મુ.સ.)ઃ

દીનનો એ ક્યો તબક્કો છે, જ્યાં એહલેબૈત (અ.મુ.સ.) ની મોહબ્બતની જરૂરીયાત ન હોય અને આ મોહબ્બત મુશ્કીલ કુશા ન હોય.

નબી(સ.અ.વ.)એ ફરમાવે છેઃ

*‘‘જે હિકમત તલબ કરવા ચાહે છે તેના માટે જરૂરી છે કે તે મારી એહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત કરે’’*

(બેહારૂલ અન્વાર, ભાગ-૨૭, પાના-૧૧૬, હદીસ-૯૨)

આ પણ ફરમાવ્યુ કેઃ

*‘‘જાણી લ્યો કે, જે અલી(અ.સ.)થી મોહબ્બત કરશે, ખુદા તેના દિલમાં હિકમતને મજબુતાઇથી સ્થાપી દેશે, તેની ઝબાન પર સહીહ વાતો જારી કરશે.’’*

(ફઝાએલુશ્શીઆ, ભાગ-૧, પાના-૪૬)

ઇમામ સાદિક(અ.સ.) ફરમાવે છેઃ

*“જે અમો એહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત કરે છે અને અમારી મોહબ્બતને પોતાના દિલમાં મજબૂત કરી દે છે, તેની ઝબાનથી હિકમતના ઝરણા વહેવા લાગે છે.”*

(મહાસિન, ભાગ-૧, પાના-૧૩૪, હદીસ-૧૬૭)

એ જાહેર છે કે ખુદાવંદે આલમના તમામ ઉલૂમ અને મઆરિફના ખઝાના એહલેબૈત (અ.મુ.સ.)ની પાસે છે. આ લોકો જ તેના રહસ્યો અને ભેદોના કેન્દ્ર છે, તેઓ જ બાબે મદીનતુલ ઇલ્મ છે. તેઓના જ ઘરમાં કુર્આને કરીમ નાઝિલ થયુ છે. એહલેબૈત (અ.મુ.સ.) નૂરે ખુદા છે, સંપૂર્ણ નૂર છે. તેમને ત્યાં અંધકારનો કોઇ અવકાશ નથી. તેઓ પોતે નૂર છે. તેમનો કલામ નૂર છે. તેમની મોહબ્બત નૂર છે. ઇલ્મ અને મઅરેફત પણ નૂર છે. જ્યારે આ નુરાની મોહબ્બત દિલમાં આવશે તો દિલ મઅરેફત અને હિકમતના નૂરથી જગમગવા લાગશે. દિલમાં નૂર ચમકશે.

**અમલ:**

મઅરેફતના પરીબળોમાં એક પરીબળ દીની એહકામની પાબંદી અને તેના પર અમલ કરવો છે. અમલથી મઅરેફતના રસ્તાઓ તૈયાર થઇ જાય છે.

નબી(સ.અ.વ.) ફરમાવે છે:

*“જે પોતાના ઇલ્મના પ્રમાણે અમલ કરે છે, ખુદા તેને એ ચીજો શિખવાડી દે છે જે તે જાણતો નથી.”*

(બેહારૂલ અન્વાર, ભાગ-૪૦, પાના-૧૨૮, હદીસ-૨)

કુર્આને કરીમમાં છે કે:

*“વત્તકુલ્લાહ વયોઅલ્લેમોકોમુલ્લાહ”*

(સુરએ બકરહ :૨૮૨)

*“ખુદાથી ડરો, ખુદા તમને શિખવાડશે”*

તકવા ઇસ્લામી તઅલીમાત પર અમલ કરવાથી હાસિલ થાય છે. અમુક બાબતો ઇન્સાન પોતાની મહેનતથી હાસિલ કરે છે અને અમુક બાબતો ખુદાની ઇનાયતથી હાસિલ થાય છે. જાહેર છે કે ખુદાની બારગાહમાંથી જે મળશે તેનાથી બહેતર અને ભરોસાપાત્ર મઅરેફત કોઇ હોઇ શકતી નથી.

**નમાઝ:**

નબી(સ.અ.વ.) ફરમાવે છે:

*“નમાઝ ગુઝારને મલાએકાની મોહબ્બત, હિદાયત, ઈમાન અને નૂરે મઅરેફત અતા કરવામાં આવે છે.*

(બેહારૂલ અન્વાર, ભાગ-૮૨, પાના-૨૩૩, હદીસ-૫૬)

આપ હઝરત(સ.અ.વ.) ફરમાવે છે:

*“નમાઝે શબ પઢવાથી ખુદાવંદે આલમની ખુશ્નુદી, મલાએકાની મોહબ્બત, અંબીયા(અ.મુ.સ.)ની મોહબ્બત, મઅરેફતનું નૂર અને ઈમાનનું મૂળ નસીબ થાય છે.”*

(બેહારૂલ અન્વાર, ભાગ-૮૭, પાના-૧૬૧, હદીસ-૧૫૨)

અગર આપણે આપણા ઇમામે વક્તની મઅરેફત હાસિલ કરવા ચાહીએ છીએ તો પાબંદીથી અને અવ્વલ સમયમાં અને નિયમિત રીતે નમાઝ પઢીએ અને સાથો સાથ નિયમિત રીતે નમાઝે શબ પણ અદા કરીએ.

નમાઝે સુબ્હથી પહેલાનો સમય દુઆની કબુલીયતનો અને ગુનાહની બક્ષીશનો બેહતરીન સમય છે. ખુદાની બેહતરીન નેઅમતો એ સમયે નાઝિલ થાય છે. નમાઝે સુબ્હ પછી દરરોજ પોતાના ઇમામે વક્તની ખિદમતમાં સલામ કરીએ અને ગુનાહોથી સુરક્ષિત રહેવા અને નેક અમલ માટે દરખાસ્ત કરીએ.

**હલાલ ખોરાક:**

નબી(સ.અ.વ.)એ ફરમાવ્યુ:

*“જે ૪૦ દિવસ સુધી હલાલ ખોરાકનો ઉપયોગ કરશે, ખુદા તેના દિલને નૂરાની કરી દેશે અને તેના દિલમાંથી હિકમતના ઝરણાંઓ જારી થશે”*

(મવસૂઅતુલ અકાએદુલ ઇસ્લામીય્યા, ભાગ-૨, પાના-૧૪૯)

જેવી રીતે હલાલ ખોરાકથી દિલ નૂરાની થઇ જાય છે તેવી રીતે હરામ ખોરાક દિલને મુર્દા કરી દે છે. હલાલ અને હરામ ખોરાકથી મુરાદ ફક્ત ખોરાકને ઝાહેરી રીતે પાક અને નાપાક હોવુ નથી, પરંતુ એ આવકનું હલાલ અથવા હરામ હોવુ છે, જેનાથી ખોરાક હાસિલ કરવામાં આવી રહ્યો છે

અથવા ખરીદવામાં આવે છે. ઇસ્લામમાં હલાલ રોઝીનું ખૂબજ મહત્વ છે. હલાલ રોઝી હાસિલ કરનારને રાહે ખુદામાં મુજાહિદનો દરજ્જો દેવામાં આવ્યો છે. નાપાક અને હરામ ખોરાક દિલના દરવાજાઓને બંધ કરી દે છે. ઇમામ હુસૈન (અ.સ.) મૈદાને કરબલામાં ઉમર બિન સઅદની ફૌજને સંબોધીને ફરમાવે છેઃ

*''તમે બધા જ મારી નાફરમાની કરી રહ્યા છો અને મારી વાતોને ધ્યાનથી નથી સાંભળતા, એટલા માટે કે તમારા પેટ હરામ ખોરાકથી ભરેલા છે અને તમારા દિલો ઉપર મહોર લગાવી દેવામાં આવી છે.''*

(બેહારૂલ અન્વાર, ભાગ-૪૫, પાના-૮)

**દુઆઃ**

મઅરેફતને હાસિલ કરવા માટે દુઆ ખૂબજ મહત્વનો ભાગ ભજવે છે. અગર ઇન્સાન ખુદાની બારગાહમાં ખુલૂસ દિલથી માંગે તો શું નથી મળતુ? મોટા મોટા ગુનાહો દુઆથી માફ થઇ જાય છે અને બુલંદતરીન દરજ્જાઓ દુઆથી હાસિલ થાય છે. અઇમ્મએ મઅસૂમીન(અ.મુ.સ.)ની દુઆઓમાં એવી ઘણી બધી દુઆઓ છે, જેમાં નૂર, બસીરત, હિદાયત અને મઅરેફત માંગવામાં આવી છે.

*''ઇમામે ઝમાના(અ.સ.)ની ગયબતમાં એક જવાબદારી ઇમામ(અ.સ.)ની ઝિયારત છે. સામાન્ય રીતે દરરોજ નમાઝ પછી મજલીસ પછી ઇમામે ઝમાના(અ.સ.)ની ઝિયારત પઢવામાં આવે છે. પરંતુ એક ઝિયારત એ છે જેની ખુદ ઇમામ (અ.સ.)એ તાકીદ કરી છે અને તે છે ઝિયારતે આલે યાસીન. શૈખ અબ્બાસે કુમ્મી(ર.અ.)એ મફાતીહુલ જીનાનમાં આ ઝિયારતની ઇમામે ઝમાના(અ.સ.)ની પ્રથમ ઝિયારત ગણી છે. આ ઝિયારત બાદ એક દુઆ છે, આ દુઆ આ રીતે શરૂ થાય છે....''ખુદાયા! તારી બારગાહમાં તારા નબીયે રહમત અને નુરના કલેમા હઝરત મોહમ્મદ મુસ્તફા(સ.અ.વ.)ના વાસ્તાથી સવાલ કરૂ છુ કે મારા દિલને યકીનના નુરથી ભરી દે, મારા સીનાને ઇમાનના નુરથી ભરપૂર કરી દે, મારી ફિક્રને નિય્યતના નુરથી, મારી હિમ્મત અને ઇરાદાને ઇલ્મના નુરથી, મારી તાકત અને કુવ્વતને અમલના નૂરથી, મારી જીભને સચ્ચાઇના નૂરથી, મારા દિલને તારી બારગાહમાં બસીરતના નૂરથી, મારી આંખોને દ્રષ્ટીના નૂરથી, મારા કાનને હિકમતના નૂરથી અને મારી મોહબ્બત અને મવદ્દતને આલે મોહમ્મદ(અ.મુ.સ.)ની વિલાયતના નૂરથી માલામાલ કરી દે.''*

આ ઉપરાંત ગયબતના ઝમાનામાં તેને વારંવાર પઢવાની તાકીદ કરવામાં આવી છે.

''ખુદાયા! તુ ખુદ તારી મઅરેફત મને અતા કર, અગર તે મને તારી મઅરેફત અતા ન કરી તો હું તારા રસૂલ(સ.અ.વ.)ની મઅરેફત મેળવી નહી શકુ. ખુદાયા! તુ મને તારા રસૂલ(સ.અ.વ.)ની મઅરેફત અતા કર, અગર તે મને તારા રસૂલ(સ.અ.વ.)ની મઅરેફત અતા ન કરી તો મને તારી હુજ્જતની મઅરેફત હાસિલ નહી થઇ શકે. ખુદાયા! તુ મને તારી હુજ્જતની મઅરેફત અતા કર, અગર તે મને તારી હુજ્જતની મઅરેફત અતા ન કરી તો હું મારા દીનથી ગુમરાહ થઇ જઇશ.''

ખુદાયા! આ આખરી ઝમાનામાં અમને સહુને ઇમામે ઝમાના(અ.સ.)ની વધારેમાં વધારે મઅરેફત અતા કર. મઅરેફતના રસ્તાની રૂકાવટો દૂર કરવા અને મઅરેફતના સબબો હાસિલ કરવાની બેહતરીન તૌફીકાત અને કરામત અતા ફરમાવ. આમીન....

અલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન....

---ooo---

# ગૈબતે કુબરાની શરૂઆત પહેલા ઈમામ મહદી (અ.સ.) બારામાં લખવામાં આવેલી કિતાબો

ઈમામ મહદી(અ.સ.)ના બારામાં ગૈબતે કુબરાથી પહેલાની કિતાબોઃ

ભૌગોલિક સીમાઓ એક-બીજા સાથે મળવા લાગી છે. દુનિયા હવે એક નવો રંગ અપનાવી રહી છે. ઝુલ્મની આંધીઓ ચાલી રહી છે. સીતમનો દરિયો ચડાવ પર છે. એક નવા ઈન્કેલાબની નિશાનીઓ સાફ જાહેર થઇ રહી છે. એટલે કે મુસ્તઝઅફીન અને કમઝોર, ઝુલ્મથી પીડીત લોકોના સીધા મદદગાર, ઝાલિમો અને સિતમગારોના મહેલોને વિરાન કરવાવાળા, ખુદાવંદે મન્નાનની બાકી રહેલી એક માત્ર હુજ્જત, હઝરત મહદી સાહેબુઝ્ઝમાન(અ.સ.) ઝુહુર ફરમાવશે અને ઝુલ્મ અને ભ્રષ્ટાચારના મહેલોને ઝાલિમો અને સિતમગારોના માથાઓ પર પછાડી દેશે. પુરી દુનિયામાં અદાલત અને આઝાદી પર આધારિત હુકુમતની બુનિયાદ સ્થાપિત કરશે. ઝમીન પર પછી ઝુલ્મ અને સિતમ જગ્યા મેળવશે નહિ. આસ્માનની નીચે પક્ષપાત અને ભેદભાવ તથા નાઇન્સાફીનું નિશાન નહિ હશે. તબાહી અને ફસાદ દુનિયામાંથી ચાલ્યો જશે.

અત્યારે ૧૧૭૮ વરસ પુરા થઇ ચુક્યા છે. ખુદાનો કુદરતવાળો હાથ ગૈબતની આસ્તીનમાં છે. જેથી એક દિવસ ગૈબતનો આ સમય પુરો કરી ઝુહુર કરે અને અદાલતના સૂરજની કિરણોને પૂરી કાએનાત પર ચમકાવી દે અને ઈન્સાની ખરાબીઓ અને ખયાનતોને ખત્મ કરી દે.

દુનિયાના આ અઝીમ સુધારકના ઝુહુરની ખુશખબરીઓ અઝીમુશ્શાન પૈગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.)ના થકી ઈસ્લામની શરૂઆતથી લઇને આજ સુધી સાંભળવામાં આવી રહી છે અને બાતિલ પર હકની જીતના આશાવંત નગ્મા ઈતિહાસના તમામ દૌરમાં પુરી દુનિયામાં દરેક તરફ ગુંજી રહ્યા છે.

દુનિયાના જુદા-જુદા દીન અને મઝહબોની કિતાબોમાં ભરપુર ચર્ચાએ દરેક ઈન્સાફ પસંદ સંશોધકને આ હકીકત કબુલ કરવા માટે મજબુર કરી દીધો છે કે તમામ ઈલાહી પૈગમ્બરોએ આ વૈશ્વિક સુધારકના મલકુતી ચેહરાનું પોત પોતાની ઉમ્મતોના માટે ચિત્ર દોર્યુ છે અને આ ઈલાહી નજાત અપાવનારના ઈન્તેઝારની રૂહને પોતાના પૈરવકારોની અંદર ફૂંકી દીધી છે.

જો કે કુર્આન સિવાય અગાઉની તમામ આસ્માની કિતાબો તેહરીફનો શિકાર થઇ ચુકી છે. પરંતુ એ કિતાબોમાં અંબિયા(અ.મુ.સ.)ની તાલીમાતની દ્રષ્ટિએ મહદવીય્યતનો અકીદો સાબિત કરવા માટે ઘણા બધા મતલબો મૌજુદ છે.

(વિગત માટે જુઓ કિતાબ 'ઉ ખાહદ આમદ' લેખક અલી અકબર મહદીપુર)

૨૦૦ થી વધારે કુર્આનની આયતો ઝુહુરે મહદી(અ.સ.) હઝરત બકીય્યતુલ્લાહ(અ.સ.)ના બારામાં આવેલ છે.

(કિતાબ 'મવઉદે કુર્આન' લેખક અલી અકબર મહદીપુર જુઓ)

રસુલે ઈસ્લામ(સ.અ.વ.)એ આ વૈશ્વિક સુધારકની એક એક પળની પરિસ્થિતિને ઈલાહી વહીની રોશનીમાં સેંકડો હદીસોમાં બયાન ફરમાવી છે. તેમની સીરત, સુરત, વંશ, ગૈબત, ઝુહુર, ઝુહુરની નિશાનીઓ અને તે મવઉદના સંબંધિત અન્ય બાબતોને વર્ણવી છે.

આ બયાનની રોશનીમાં મહદવીય્યતનો અકીદો અન્ય અકાએદની સાથો સાથ પૈગમ્બરે અકરમ(સ.અ.વ.)ના થકી બયાન થયો અને અઈમ્મએ માસુમીન(અ.મુ.સ.)ના સમયમાં તેની વિસ્તૃત વિગતો સામે આવી.

અઈમ્મા(અ.મુ.સ.)ના સેંકડો સહાબીઓએ માસુમીન (અ.મુ.સ.)થી આ વૈશ્વિક સુધારકના બારામાં જાહેર થવાવાળી હદીસોને પોતાની કિતાબોમાં લખી અને તેમાંથી ઘણા સહાબીઓએ તેના અગાઉ કે તે તાબનાક સુરજ બુરૂજે ઈમામતમાંથી ઉદય પામે પુરી પુરી કિતાબો તેમની વિલાયત, ગૈબત, ઝુહુર અને ઝુહુરની નિશાનીઓના બારામાં સંકલીત કરી છે. તેમાંથી અમુકના નામ કિતાબના નામ સાથે વર્ણવીએ છીએ.

## ઇમામ મહદી(અ.સ.)ની વિલાદત પહેલા લખવામાં આવેલ કિતાબોઃ

### (૧) અબુ ઇસ્હાક ઇબ્રાહીમ ઇબ્ને સાલેહ અનમાતીઃ

તેઓ ઇમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ના અસ્હાબમાંથી છે અને તેમણે ઘણી બધી કિતાબો સંકલીત કરેલ છે. ઝમાનાની કશમકશમાં આ કિતાબો બરબાદ થઇ ગઇ પરંતુ વર્ષો બાદ એક લખાણ બાકી છે અને તેનું નામ છે 'કિતાબુલ ગૈબત'

(રેજાલે શૈખ તુસી, પાનાઃ ૧૦૪, ફેહરીસ્તે શૈખ તુસી, પાનાઃ૩૦, રેજાલે નજ્જાશી, પાનાઃ ૧૫, રેજાલે ઇબ્ને દાઉદ, પાનાઃ ૩૨ (કિતાબહાયે હઝરત મહદી(અ.સ.)માંથી વર્ણવતા, લેખકઃ અલી અકબર મહદીપુર, ભાગઃ ૧)

અન્માતીએ આ કિતાબને હઝરત મહદી(અ.સ.)ની ઇમામતના સો વરસ પહેલા લખી છે.

આયતુલ્લાહ ખુઇ (કદ્દસ સિર્રહુ) ઇબ્રાહીમ બીન સાલેહ અન્માતીના થકી વારિદ થવાવાળી રિવાયતોની સનદની શોધખોળ કર્યા બાદ આ પરિણામ પર આવ્યા કે આ નામના ત્રણ વ્યક્તિઓ થઇ ગયા છે અને તેમાં કિતાબુલ ગૈબતના લેખક ભરોસાપાત્ર છે અને પ્રમાણભુત છે અને તેઓ ઇબ્રાહીમ બીન સાલેહ અન્માતી અસદી સિવાયના છે કે જે ઇમામ કાઝિમ(અ.સ.)ના અસ્હાબ માંથી હતા અને વાકેફી મઝહબ પર હતા.

(મોઅજમે રેજાલુલ હદીસ, ભાગઃ૧, પાનાઃ૨૩૯)

### (૨) અબુલ ફઝલ અબ્બાસ બીન હેશામ નાશેરીઃ

આપ ઓબૈસના નામથી મશહુર હતા. ઇમામ રેઝા (અ.સ.)ના અસ્હાબ માંથી હતા. તેમણે પણ એક કિતાબ લખી છે, જેનું નામ 'અલ ગયબત' છે.

(રેજાલે શૈખ તુસી, પાનાઃ૩૮૪, રેજાલે નજ્જાશી, પાનાઃ૨૮૦)

આપની વફાત ૨૨૦ હી.સ. માં થઇ. ઇમામ મહદી (અ.સ.)ની વિલાદતના ૩૦ વર્ષ પહેલા આ કિતાબ લખવામાં આવી છે.

### (૩) અલી બીન હસન બીન અલી બીન ફઝાલઃ

આપ ઇમામ હાદી(અ.સ.) અને ઇમામ હસન અસ્કરી (અ.સ.)ના સહાબી હતા. આપે ૩૦ કિતાબો લખી છે અને તેમાંથી બે કિતાબ હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફીદાહના બારામાં છે.

(૧) કિતાબુલ ગયબત

(૨) કિતાબુલ મલાહિમ

આપના વાલીદ હસન બીન અલી બીન ફઝાલે પણ ઝુહુરની નિશાનીઓના બારામાં કિતાબ અલ મલાહીમ લખી છે.

(રેજાલે નજ્જાશી, પાનાઃ ૨૫૭ અને ૩૬)

### (૪) અબુલ હસન અલી બીન હસન બીન મોહમ્મદ તાઇ જર્મીઃ

આપ ઇમામ કાઝિમ(અ.સ.)ના સહાબી હતા. આપે એક કિતાબ કિતાબુલ ગૈબતના નામથી લખી છે. તેઓ પણ વાકેફી મઝહબ પર હતા. પરંતુ એમ છતા નજ્જાશીએ તેમને ફકીહના લકબથી યાદ કર્યા છે અને હદીસોના મામલામાં ભરોસાપાત્ર અને પ્રમાણભુત ગણ્યા છે.

(રેજાલે શૈખ તુસી, પાનાઃ૩૫૭, રેજાલે નજ્જાશી, પાનાઃ૨૫૫)

### (૫) અબુલ હસન અલી બીન મોહમ્મદ બીન અલી સવ્વાકઃ

તેઓ પણ વાકેફીય્યા મઝહબના મહાન લોકોમાંથી હતા પરંતુ નજ્જાશીએ તેમને 'સેકા', 'સબત' અને 'સહીહુર્રીવાયત' બતાવ્યા છે. તેમણે પણ એક કિતાબ 'અલ ગૈબત' લખી છે.

(રેજાલે નજ્જાશી, પાનાઃ ૨૫૬)

તે ઇમામ રઝા(અ.સ.)ના ઝમાનામાં હતા.

### (૬) અબુલ હસન અલી બીન ઉમર અઅરજઃ

તે પણ વાકેફી મઝહબના હતા. તેમની કિતાબનું નામ છે કિતાબુલ ગૈબત.

(રેજાલે નજ્જાશી, પાનાઃ૪૧ અને ફેહરીસ્તે શૈખ તુસી, પાનાઃ૮૧)

તે પણ ઇમામ રેઝા(અ.સ.)ના ઝમાનામાં હતા.

### (૭) અબુ અલી હસન બીન મોહમ્મદ બીન સમાઆઃ

ઇમામ કાઝિમ(અ.સ.)ના સહાબી હતા અને વાકેફી મઝહબના હતા. તેમની પણ કિતાબનું નામ કિતાબુલ ગૈબત છે. આપનો ઇન્તેકાલ ૫ જમાદીઉલ અવ્વલ હિ.સ. ૨૬૩ માં થયો છે.

### (૮) હસન બીન અલી બીન અબી હમ્ઝા બતાએનઃ

વાકેફી મઝહબના હતા અને આપના વાલિદ અલી બીન અબી હમ્ઝા ઇમામ કાઝિમ(અ.સ.)ના અસ્હાબમાંથી હતા અને વાકેફીઓના સરદારોમાં તેમનો શુમાર થતો હતો. તેમણે ઘણી કિતાબો લખી છે. અમૂક કિતાબોના નામ આ છેઃ

(૧) કિતાબુલ ગૈબત

(૨) કિતાબુર્રજઅત

(૩) કિતાબુલ કાએમસ્સગીર

(૪) કિતાબુલ મલાહીમ

કિતાબુલ કાએમ(અ.સ.)માં સગીરની મર્યાદાથી ખ્યાલ આવે છે કે આપે કિતાબુલ કાએમ અલ કબીર પણ લખી છે જે નજ્જાશી સુધી પહોંચી નથી.

(રેજાલે નજ્જાશી, પાનાઃ૩૭, મોઅજમુર્રેજાલુલ હદીસ, ભાગઃ૫, પાનાઃ૧૪)

### વાકેફીયા કોણ લોકો છેઃ

અમે જે લેખકોના નામ અહીં ટાંક્યા છે તેમાંથી પાંચ લોકો વાકેફી મઝહબના છે. તેઓ પરિભાષામાં હફ્ત ઇમામ એટલે સાત ઇમામોના માનવાવાળા કહેવાય છે.

વાકેફીય્યાના મુજબ હઝરત ઇમામ મુસા બીન જાફર (અ.સ.) કાએમ અને મહદીએ મવઉદ છે. પરંતુ અમૂકનો અકીદો છે કે ઇમામ કાઝિમ(અ.સ.) વફાત પામ્યા અને ફરીથી જીવતા થશે અને આખી દુનિયા તેમના કબ્ઝામાં થશે અને અમૂક વાકેફીય્યા કહે છે કે આપ(અ.સ.) સુન્ડીના કૈદખાનામાંથી બહાર આવ્યા અને કોઇએ તેમને નથી જોયા અને હારૂનના સિપાઇઓએ લોકોને બે પ્રકારના શકમાં નાખી દીધા કે મૃત્યુ પામ્યા છે અને મૃત્યુ નથી પામ્યા પરંતુ ગાયબ થઇ ગયા.

(નજમુસ્સાકિબ, ભાગઃ૧, પાનાઃ૨૭૨, પ્રકાશકઃ ઇન્તેશારાત મસ્જીદે મુકદ્દસ જમકરાન બહારઃ ૧૩૮૯)

અમે આ લેખમાં વાકેફીય્યાની કિતાબોનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફીદાના બારામાં રિવાયતો તે હઝરત(અ.સ.)ની વિલાદતના ૫૦ વરસ પહેલા સ્વતંત્ર કિતાબના સ્વરૂપમાં પ્રકાશિત થઇ ચુકી હતી અને તે રિવાયતો રસુલે ખુદા(સ.અ.વ.) અને અઇમ્મા (અ.મુ.સ.)ના દ્વારા વર્ણવાયેલી હતી અને કારણ કે આ લોકો સાત ઇમામોના માનવાવાળા હતા તેમણે આ રિવાયતોને પોતાની કિતાબોમાં લખી છે.

અહીં વાકેફીય્યા મઝહબના આલિમો અને લેખકોના અકાએદ અને માન્યતાથી નઝર અંદાઝ કરીને લેખક વાંચકોની તવજ્જોહ અને ફિક્રને ઇમામ મહદી(અ.સ.) અને તેમની ગયબત પર કેન્દ્રિત કરવા ચાહે છે.

### (૯) અબુ સઇદ અબ્બાદ બીન યાકુબ રવાજનીઃ

શૈખ તુસી(ર.અ.) અને બીજા શીઆ રેજાલીઓએ રવાજનીને મઝહબે સુન્નીમાં માનનારા બતાવ્યા છે. પરંતુ તમામ સુન્ની ઓલમા રવાજનીના શીઆ હોવા પર એકમત છે.

(ફેહરીસ્ત શૈખ તુસી, પાનાઃ૧૪૯)

સમઆની એ રવાજનીને શૈખ, આલિમ, સદુક અને મોહદ્દીસે શીઆ જેવા લકબોથી યાદ કર્યા છે.

(અન્સાબ સમ્આની, ભાગઃ૬, પાનાઃ૧૭૦)

ઇબ્ને હજર અસ્કલાનીએ તેમને ગાલી શીઆ કહ્યા છે. અલબત્ત તેમની સચ્ચાઇ અને ભરોસાપાત્રતા પર તાકીદ કરી છે.

(તહઝીબુત્તહઝીબ, ભાગઃ૩, પાનાઃ૭૪)

ઝહબીએ રવાજનીના બારામાં શીઆ ગાલી હોવા માટે ઘણી બધી દલીલો રજુ કરી છે પરંતુ અબુ હાતિમ અને દારે કુત્નીના હવાલાથી તેમની ભરોસાપાત્રતાને વર્ણવી છે અને તેમને સેકા અને સદુકના લકબથી યાદ કર્યા છે.

(મિઝાનુલ એઅતેદાલ, ભાગઃ૨, પાનાઃ૩૭૯)

રવાજની તમામ સુન્ની ઓલમાની નજદીક ભરોસાપાત્ર અને પ્રમાણભૂત હતા. આથી બુખારી, તિરમિઝી, ઇબ્ને માજા, ઇબ્ને ખુઝય્મા અને ઇબ્ને દાઉદે તેમનાથી રિવાયત કરી છે.

(સૈરે અઅલામુન્નબલા, ભાગઃ૧૧, પાનાઃ૫૩૭, મિઝાનુલ એઅતેદાલ, ભાગઃ૨, પાનાઃ૩૯૭)

અને અબુ હાતિમ રાઝીએ તેમની પાસેથી હદીસો સાંભળી છે.

(અલ જરહ વત્તઅદીલ, ભાગઃ૬, પાનાઃ૮૮)

આ રીતે તમામ રેજાલીઓએ તેમને ભરોસાપાત્ર ગણ્યા છે અને હાફિઝ હુજ્જત અને સદુક જેવા લકબોથી યાદ કર્યા છે.

(શઝ્ઝારતુઝ્ઝહબ, ભાગઃ૨, પાનાઃ૧૨૧)

રવાજની કે જેમની ભરોસાપાત્રતા પર બધાએ ભરોસો કર્યો છે. કોઇ પણ જાતની શંકા વગર ઇમામે અસ્ર(અ.સ.)ની વિલાદતના પહેલા જ આ દુનિયામાંથી ગુજરી ગયા હતા. તેમની વફાત હિ.સ. ૨૫૦ માં થઇ. તેમણે સ્વતંત્ર કિતાબ અખ્બારૂલ મહદી લખી છે.

(ફેહરીસ્તે શૈખે તુસી, પાનાઃ૧૪૯, અઝ્ઝરીઆ, ભાગઃ૧, પાનાઃ૩૫૨)

રવાજની પોતાની ઝિંદગીના આખરી હિસ્સામાં અંધ થઇ ગયા હતા પરંતુ હઝરત વલીએ અસ્ર(અ.સ.) પ્રત્યે ખુબ જ તીવ્ર મોહબ્બત ધરાવતા હતા. ત્યાં સુધી કે ઢાલ અને તલવાર પોતાની સાથે લટકાવી રાખતા હતા. અગર ઝુહુરનો ઝમાનો પામ્યો તો તે હઝરતની હાજરીમાં તલવાર ચલાવશું.

ઝહબીએ કાસીમ મુતર્રઝથી વર્ણવ્યું છે કે રવાજનીને પુછ્યું કે આ તલવાર અને ઢાલ કોની છે? તો તેમણે જવાબ આપ્યોઃ મેં તેને એટલા માટે તૈયાર રાખ્યા છે કે હઝરત મહદી (અ.સ.)ની સાથે રહીને જંગ કરૂ.

(સૈરે અઅલામુન્નબલા, ભાગઃ૧૧, પાનાઃ૫૩૮, મિઝાનુલ એઅતેદાલ, ભાગઃ૨, પાનાઃ૩૭૯)

આ વાકેઓ એહલે સુન્નતએ સહીહ સનદની સાથે રિવાયત કરી છે જે રવાજનીની તશય્યોઅની નિશાની છે બલ્કે તશય્યોમાં મઝબુત અકીદાની જાણ કરે છે.

એહલે સુન્નતની કિતાબોમાં રવાજનીના થકી ઘણી બધી બાબતો વર્ણવવામાં આવી છે, જે તેમના શીઆ હોવાની દલીલ છે. તેમાંથી એ કે તબરીએ કોઇ પણ જાતના વાસ્તા વિના તેના કથનને સાંભળ્યું છે કે તેઓ કેહતા હતાઃ

*''જે શખ્સ દરરોજ પોતાની નમાઝમાં એહલેબૈત (અ.મુ.સ.)ના દુશ્મનોથી બેઝારી ન ચાહતો હોય તો તેને તેઓની જ સાથે ઉઠાડવામાં આવશે''*

(તેહઝીબુત્તેહઝીબ, ભાગઃ૩, પાનાઃ૭૫)

એટલા માટે અલ્લામા મામકાનીએ તેમના તશય્યો પર તાકીદ કરી છે અને ઘણી બધી દલીલો તેના માટે રજુ કરી છે.

(તન્કીહુલ મકાલ, ભાગઃ૨, પાનાઃ૧૨૪)

અને અબુલ ફરજ ઇસ્ફહાનીએ તેમને ઝૈયદીયાના બુઝુર્ગોમાં ગણાવ્યા છે.

(મકાતેલુત્તાલેબીન, પાનાઃ૩૮૪)

## (૧૦) અબ્દુલ્લાહ બીન જાફર હિમયરીઃ

આપ ઇમામ હસન અસ્કરી(અ.સ.)ના અસ્હાબમાંથી હતા.

(રેજાલે શૈખ તુસી, પાનાઃ૪૩૨)

આપે પોતાના ઘણા બધા લખાણો હઝરત બકીય્યતુલ્લાહ અરવાહોના ફીદાથી મખ્સુસ કર્યા છે.

### (૧) કુર્બુલ અસ્નાદ એલા સાહેબીલ અમ્ર(અ.સ.)

(રેજાલે નજ્જાશી, પાનાઃ૨૨૦)

### (૨) અલ ગયબત વલ હૈરત

(રેજાલે નજ્જાશી, પાનાઃ૨૧૯)

### (૩) અલ ગયબત વ મસાએલહુ

(ફેહરીસ્તે શૈખ તુસી, પાનાઃ૧૩૨)

### (૪) અલ ફતર વલ હૈરત

(ફેહરીસ્તે શૈખ તુસી, પાનાઃ૧૩૨)

કદાચ બીજુ નામ ત્રીજા અથવા ચોથાથી જોડાયેલુ છે.

આજના ઝમાનામાં અબ્દુલ્લાહ બીન જાફર હુમૈરીના જે લખાણો બાકી છે તે આ મુજબ છે.

(૧) કુર્બુલ અસ્નાદ અનીલ ઇમામ સાદિક(અ.સ.)

(૨) કુર્બુલ અસ્નાદ અનીલ ઇમામ કાઝિમ(અ.સ.)

(૩) કુર્બુલ અસ્નાદ અનીલ ઇમામ રેઝા(અ.સ.)

આ ત્રણેય કિતાબો એક ભાગમાં ''કુર્બુલ અસ્નાદ''ના

નામથી પ્રકાશિત થઇ છે.

નજ્જાશીએ અન્ય બે કુર્બુલ અસ્નાદને પણ હિમયરીના નામથી બતાવી છે પરંતુ આપણા સમય સુધી એ પહોંચી નથી અને એ આ છેઃ

(૧) કુર્બુલ અસ્નાદ એલા અબી જાફર બીન રેઝા (ઇમામ જવાદ અ.સ.)

(૨) કુર્બુલ અસ્નાદ એલા સાહેબીલ અમ્ર(અ.સ.)

(રેજાલે નજ્જાશી, પાનાઃ૨૨૦)

અબ્દુલ્લાહ બીન જાફર ગૈબતે સુગરાના મધ્ય ભાગ સુધી જીવતા રહ્યા.

## (૧૧) અલી બીન મેહઝીયાર અહવાઝીઃ

આપ ઇમામ રેઝા(અ.સ.), ઇમામ જવાદ(અ.સ.), ઇમામ હાદી(અ.સ.)ના અસ્હાબમાંથી હતા. અબ્દુલ્લાહ બીન જુન્દબના ઇન્તેકાલ પછી તેમની જગ્યાએ અઇમ્મા (અ.મુ.સ.)ના વકીલ થયા.

(રેજાલે શૈખ તુસી, પાનાઃ૩૮૧, ૪૦૩, ૪૧૭, રેજાલે અલ્લામાં હિલ્લી, પાનાઃ૯૨, ૯૩)

ઇમામ જવાદ(અ.સ.) સાથે આપે પુષ્કળ પ્રમાણમાં પત્ર વ્યવહાર કર્યો છે અને ઘણી બધી સંખ્યામાં તે હઝરતથી વર્ણન કર્યુ છે. ઇમામ હાદી(અ.સ.)થી પણ ઘણી બધી હદીસો વર્ણવી છે.

(અલ ઇમામ જવાદ(અ.સ.), પાનાઃ૨૭૦-૨૮૧, ઇમામ હાદી (અ.સ.), પાનાઃ૩૨૫-૩૨૯(સય્યદ મોહમ્મદ કાઝિમ કઝવીનીથી))

અલી બીન મેહઝીયારની ૩૩ ભાગમાં કિતાબ યાદગીરી રૂપે બાકી છે. નજ્જાશીએ આ તમામ કિતાબોના નામ લખ્યા છે. બે ભાગ હઝરત મહદી(અ.સ.) અને તેમના ઝુહુરની નિશાનીઓના વિશે લખ્યું છે. એકનું નામ 'અલ કાએમ' અને બીજાનું નામ 'અલ મલાહિમ' છે.

(રેજાલે નજ્જાશી, પાનાઃ૨૫૩)

અલી બીન મેહઝીયાર ૨૨૬ હીજરી સુધી જીવતા રહ્યા પરંતુ તેમણે ઇમામ હસન અસ્કરી(અ.સ.)ને જોયા ન હતા.

(રેજાલે કશી, પાનાઃ૫૪૯)

## (૧૨) ઇબ્રાહિમ બીન ઇસ્હાક અહમરીઃ

ઇમામ હસન અસ્કરી(અ.સ.)નો ઝમાનો પામ્યા અને એક કિતાબ 'કિતાબુલ ગયબત' લખી.

(રેજાલે નજ્જાશી, પાનાઃ૧૯)

## (૧૩) અબુ અલી હસન ઇબ્ને અહમદ સફ્ફારઃ

ઇમામ રેઝા(અ.સ.)ના અસ્હાબમાંથી હતા અને એક કિતાબ 'દલાએલુ ખુરૂજુલ કાએમ' લખી છે.

(મોઅજમે રેજાલુલ હદીસ, ભાગઃ૧૮, પાનાઃ૯૯ અને રેજાલે નજ્જાશી, પાનાઃ૧૯)

## (૧૪) અબુલ અંબસ મોહમ્મદ બીન ઇસ્હાક બીન ઇબ્રાહીમ કુફીઃ

અબુલ અંબસ અબ્બાસી ઝમાનાનો એક મશ્હુર સાહિત્યકાર છે અને તે સમયના મશ્હુર સુન્ની ઓલમામાં તેમનો શુમાર થાય છે. હિ.સ. ૨૩૨ થી લઇને હિ.સ. ૨૪૮ ની દરમીયાન મુતવક્કીલ અબ્બાસીના સલાહકારોમાંથી હતો.

(તારીખુલ ખોલફા, પાનાઃ૩૪૬, ૩૫૬)

સયમરામાં કાઝીના હોદ્દા પર હતો. તેણે એક કિતાબ 'સાહેબુઝ્ઝમાન'ના નામથી લખી છે અને તેની વફાત હિ.સ. ૨૭૫ માં થઇ.

(ફેહરીસ્તે ઇબ્ને નદીમ, પાનાઃ૨૨૩)

અબુલ અંબસ એ ઇમામ મહદી(અ.સ.)ની વિલાદતના ૨૦ માં વરસે વફાત પામ્યા પરંતુ એ શક્ય છે કે તેણે કિતાબ 'સાહેબુઝ્ઝમાન'ને તે હઝરતની વિલાદતની પહેલા લખી છે.

## (૧૫) ફઝલ બીન શાઝાનઃ

આપના બારામાં મળે છે કે આપે ચાર ઇમામો, ઇમામ રેઝા(અ.સ.), ઇમામ મોહમ્મદ તકી(અ.સ.), ઇમામ અલી નકી(અ.સ.), ઇમામ હસન અસ્કરી(અ.સ.)નો ઝમાનો પામ્યા અને તેઓથી ફૈઝ હાસિલ કર્યો અને સેંકડો મોહદ્દીસોની સામે અદબ સાથે બેઠા અને દરેકના ઇલ્મના બાગથી ફાયદો હાસિલ કર્યો. આપના બારામાં બતાવવામાં આવે છે કે આપે ૧૮૦ કિતાબો લખી છે. અમુકે ૧૬૦ અને ૧૨૦ પણ લખી છે. આપની અમુક કિતાબોના બારામાં મળે છે કે અઇમ્મા (અ.મુ.સ.)એ તેમની કિતાબનું પાને પાનું જોયુ અને ફરમાવ્યુંઃ

*હાઝા સહીહુન યંબગી અન્ યુઅ્મલ બેહી*

*“આ કિતાબ સહીહ છે અને યોગ્ય છે કે તેના પર અમલ કરવામાં આવે”*

(રેજાલે કશી, પાનાઃ૫૩૮, બેહાર, ભાગઃ૫૦, પાનાઃ૩૦૦)

ફઝલ બીન શાઝાનની ઝીંદગી અને તેઓની કિતાબો પર એક સ્વતંત્ર લેખ અથવા કિતાબ લખવાની જરૂરત છે. પરંતુ આ લેખમાં અમે ફક્ત ઇમામે ઝમાના(અ.સ.)થી સંબંધિત કિતાબોનો ઉલ્લેખ કરવા ઇચ્છીએ છીએ. આ કિતાબોના નામ આ મુજબ છે.

(૧) ઇસ્બાતુલ ગયબત

(૨) ઇસ્બાતુલ રજઅત

(૩) કિતાબુલ કાએમ

(૪) અલ મલાહિમ

(૫) હઝવુન્નઅલે બીન્નઅલે

(૬) અલ ગયબત મેનલ હૈરતે વત્તય

(રેજાલે કશી, પાનાઃ૫૩૮)

આ અમુક સંખ્યા અઇમ્મા(અ.મુ.સ.)ના અસ્હાબની હતી, જેમણે પ્રકાશિત સૂરજ હઝરત સાહેબુઝ્ઝમાન(અ.સ.) ની વિલાદતના અગાઉ તેમની વિલાદત, ગયબત, ઝુહુર અને ઝુહુરની નિશાનીઓ પર આખી કિતાબ લખી છે.

આ કિતાબોનું ખાસ મહત્વ એટલા માટે છે કે તેના સંકલનનો સમય ઇમામે ઝમાના(અ.સ.)ની વિલાદત પહેલાનો છે અને બીજુ એ કે તેમના લેખકોએ અઇમ્મા (અ.મુ.સ.)ના ઝમાનામાં ઝિંદગી પસારી અને હકીકતોને તેના સ્ત્રોતથી કોઇ પણ જાતના માધ્યમ વગર અથવા ખુબ જ ઓછામાં ઓછા અને એકદમ ભરોસાપાત્ર વાસ્તાઓથી હાસિલ કર્યુ છે.

**વર્ણન કર્તાઓ અને હદીસના રાવીઓઃ**

આ કિતાબોના ઉલ્લેખ બાદ હવે હદીસોને નકલ કરવાવાળા અને રાવીઓની બાબત આવે છે. આ હદીસોના નકલ કરવાવાળા અને રાવીઓ દુનિયાના ખુણામાં વસવાવાળા મોહદ્દીસોની પાસે તકલીફ અને મહેનતનો સફર કર્યા બાદ પહોંચતા અને તેઓની સામે ગોઠણ ટેકવતા અને અદબ સાથે બેસતા અને રસુલે ખુદા(સ.અ.વ.) તથા અઇમ્મા(અ.મુ.સ.) ની હદીસોને સાંભળે છે અને બીજી સનદોથી સરખાવતા અને તે હદીસોની મજબુતાઇ અને કમઝોરીને પરખતા અને પોતાની હદીસોની કિતાબમાં ભેગી કરતા હતા અને પછીના ઝમાનામાં સંશોધકોએ તે હદીસોનો ઉપયોગ કર્યો.

અઇમ્મએ હોદા(અ.મુ.સ.)ના અસ્હાબ અને તેમની હદીસોને જમા કરવાવાળાઓએ સદીઓથી આ હદીસોને એક સદીથી બીજી સદીમાં સ્થળાંતર કર્યા ત્યાં સુધી કે આજે આ સિલસિલો જારી છે.

શીઆ મોહદ્દીસોના ઉપરાંત મકતબે ખોલફાથી સંબંધિત મોહદ્દીસોએ પણ ઇમામ મહદી(અ.સ.)ના બારામાં રિવાયતોને પોતાની હદીસોના સંગ્રહમાં વર્ણન કરી છે. અમે અહીં જુનામાં જુની કિતાબોના નામ અને તેના લેખક અને વફાતનું વરસ વર્ણન કરીએ છીએ.

(૧) અલ મુસ્નફઃ લેખક- અબ્દુર્રઝ્ઝાક બીન હમામ (વફાત હિ.સ. ૨૧૧)

(૨) સોનનઃ લેખક- અબુઅબ્દીલ્લાહ મોહમ્મદ બીન યઝીદ ઇબ્ને માજા કઝવીની (વફાત હિ.સ. ૨૭૩)

(૩) સોનનઃ લેખક- અબી દાઉદ સુલૈમાન બીન અશઅશ સજીસ્તાની (વફાત હિ.સ. ૨૭૫)

(૪) સોનનઃ લેખક- અબુ ઇસા મોહમ્મદ બીન ઇસા સુરત તીરમીઝી (વફાત હિ.સ. ૨૭૯)

(૫) સહીહઃ લેખક- અબુ અબ્દીલ્લાહ મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ બુખારી (મૃત્યુ હિ.સ. ૨૫૬)

(સહીહ બુખારીનું નામ અમે એટલા માટે લખ્યું છે કે બુખારીએ અશરાતુસ્સાઅત અને મલાહિમ વલ ફેતનના પ્રકરણોમાં કયામત અને કયામતની નિશાનીઓ અને દજ્જાલના ખુરૂજનો ઉલ્લેખ કર્યો છે જે ઝુહુરની નિશાનીઓમાંથી પણ છે. બુખારીએ ઇસા ઇબ્ને મરયમના નાઝિલ થવાનો ઝિક્ર કર્યો છે. વધુ વિગત માટે જુઓ કિતાબ ઇકદુદદોરર ફી અખ્બારીલ મુન્તઝર લેખક યુસુફ બીન યહ્યા શાફેઇ)

(૬) સહીહઃ લેખક- અબુલ હુસૈન મુસ્લીમ બીન હજ્જાજ અલ કૈશરી (વફાત હિ.સ. ૨૬૧)

(૭) મુસ્નદે કબીરઃ લેખક- અબુબક્ર બીન એહમદ બીન ઉમર અજરી (વફાત હિ.સ. ૨૯૨) (શેરે રમ્લામાં દફન છે.)

(૮) મોઅજમે અવસતઃ લેખક- તબરાની સુલૈમાન બીન અહમદ વિલાદતઃ હિ.સ. ૨૬૦ (વફાત હિ.સ. ૩૬૦) જાહેરી રીતે અમૂક કિતાબો ગયબતે સુગરા એટલે કે હિ.સ. ૩૨૯ સુધી લખી છે.)

(૯) કિતાબુલ મુસ્નદઃ લેખક- અબુ યઅલા મુસલી (વફાત હિ.સ. ૩૦૭)

આ લેખમાં ઇમામે ઝમાના(અ.સ.)ના બારામાં જે સ્વતંત્ર કિતાબોનો ઉલ્લેખ અમે કર્યો એ બહુ જ મશહુર કિતાબો છે જે ઇમામે ઝમાના(અ.સ.)ની વિલાદત પહેલા અથવા ગયબતે સુગરાના સમયમાં લખાઇ છે, તેના વિશે અમે જાણીએ છીએ. અલબત્ત અમે ઘણી કિતાબોના બારામાં નથી જાણતા. આથી ફક્ત આ કિતાબો સુધી મર્યાદીત નથી. હજી વધારે શોધ-સંશોધનની જરૂર છે. આ રીતે અમે વર્ણન કર્તાઓ અને રાવીઓનો ઉલ્લેખ કર્યો છે, તેમાં પણ આપણે મર્યાદીત નથી રહી શકતા, બલ્કે વધારે સંશોધનની જરૂર છે.

## મહત્વના સંદર્ભોઃ

લેખના અંતમાં એ લખવું જરૂરી છે કે અમે આ લેખનું લખાણ કમાલુદ્દીન વ તમામુન્નેઅમના ફારસી તરજુમાંની પ્રસ્તાવનામાંથી લીધુ છે. આ પ્રસ્તાવના કિતાબના તરજુમાકાર આયતુલ્લાહ મોહમ્મદ બાકિર કમરેઇ એ લખ્યું છે અને બીજી કિતાબ 'કિતાબ નામાએ હઝરત મહદી(અ.સ.)' જેને જનાબ અલી અકબર મહદીપુરીએ લખી છે. આ કિતાબ બે ભાગમાં છે અને પ્રથમ વખત રજબ હિ.સ. ૧૪૧૭ માં પ્રકાશિત થઇ આ કિતાબમાં ઇમામ મહદી(અ.સ.)ના બારામાં લખવામાં આવેલી ૨૦૦૦ કિતાબોથી વધારેનો પરિચય કરાવવામાં આવ્યો છે.

આ કિતાબના પ્રકાશિત થવા અગાઉ કિતાબના લેખક જનાબ અલી અકબર મહદીપુરએ મુંબઇના હઝરત હુજ્જતુલ ઇસ્લામ આકા શૈખ એહમદ શાબાનીથી સંપર્ક કર્યો હતો અને તેમની પાસેથી હિંદુસ્તાનમાં ઇમામે ઝમાના(અ.સ.)ના બારામાં માલુમાત હાસિલ કરી હતી. બનવાજોગ હાજી આકા શાબાની (મદ્દઝિલ્લહુલ આલી) એ લેખક સાથે આ વાતનો ઉલ્લેખ કર્યો. લેખકે ૩૯૦ કિતાબોનું બનેલું એક લીસ્ટ તેમના હવાલે કર્યુ જેના વિશે મુસન્નીફ (સંકલક) આ રીતે લખે છે.

*લીસ્તે કિતાબ હાયે મૌજુદ અઝ બર્ખી અઝ કિતાબ ખાને હા દર ઇખ્તિયાર નિગારીન્દેહ બુદ કે નિગારશ કિતાબ અઝ આન હા ઇસ્તેફાદેઇ બુર્દીમ કે અઝ હમીએ મોહીમતર લીસ્ત કિતાબ હાયે કિતાબ ખાને હાયે બમ્બઇ શામિલ ૩૯૦ ઉનવાન કે તવસ્સુત સદીક અરજમંદ હઝરત હુજ્જતુલ ઇસ્લામ વલ મુસ્લેમીન આકાય શાઅબાની તહીય્યેઅ શુદ*

આનો તરજુમો કરવા પહેલા એ વાત જણાવી દઇએ કે જનાબ અલી અકબર મહદીપુરની પહોંચ આ લીસ્ટ ઉપરાંત બીજી ઘણી યાદીઓ અને લાઇબ્રેરીઓ સુધી હતી. આ તમામ લીસ્ટ અને લાઇબ્રેરીઓના મુકાબલામાં તેમણે મુંબઇની યાદી-લીસ્ટને સૌથી વધારે મહત્વનું બતાવ્યું છે. હવે તરજુમો જુઓ.

''હાલનું મુંબઇની કિતાબોનું લીસ્ટ ઘણી બધી લાઇબ્રેરીઓમાં મારા ઇખ્તેયારમાં હતું અને આ કિતાબોના લીસ્ટના લખાણનો અભ્યાસ કર્યો. પરંતુ આ તમામ લીસ્ટોમાં મુંબઇની લાઇબ્રેરીની કિતાબો જે ૩૯૦ ની સંખ્યામાં છે, જે હઝરત હુજ્જતુલ ઇસ્લામ વલ મુસ્લેમીન આકા શાઅબાનીના થકી પ્રાપ્ત થયુ છે, સૌથી વધારે મહત્વનું છે.

## મુંબઇના આ લીસ્ટની હકીકતઃ

આ લીસ્ટને એસોસિએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)એ તૈયાર કર્યુ હતુ. જ્યારે મુંબઇમાં પ્રથમવાર કિતાબોનું પ્રદર્શન થયુ હતુ તે સમયે મરહુમ જનાબ સય્યદ ગુલામ હસ્નૈન રીઝવી કરારવી (તાબસરાહ) જે એસોસિએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)ની સ્થાપનામાં એક બુનિયાદી હૈસીયત રાખે છે તેમની નજર હેઠળ આ લેખકે અને અમૂક દોસ્તોએ કિતાબોનો ખુલાસો કર્યો અને આ ૫ X ૭ ની સાઇઝના લીલા કાગળો પર કિતાબનું નામ, લેખક, પ્રકાશક અને વિષય લખ્યો. વિષયમાં ખૂબ જ ટુંકાણમાં કિતાબના વિષયો લખ્યા. જે લોકોએ ૮૦ અને ૯૦ ની વચ્ચેના દશકાનું એસોસિએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)ની કિતાબોનું પ્રદર્શન જોયુ છે, તેઓને યાદ હશે કે દરેક કિતાબની સામે આ કિતાબના ખુલાસાવાળો કાગળ રાખેલો હતો અને કિતાબોની

અનુસંધાન પાના નં. ૨૦ ઉપર ...

# શૈખ અલ્બાની અને હઝરત મહદી(અ.સ.)નો અકીદો

આ લેખમાં એહલે હદીસ/સલફીઓના મશ્હૂર મોહદ્દીસ શૈખ મોહમ્મદ નાસિરૂદ્દીન અલ્બાનીએ એહલે સુન્નતની કિતાબોમાં વારિદ થવાવાળી રિવાયતોને મોઅતબર અને સહીહ સાબિત કરી છે અને આ અનુસંધાનમાં મિસ્રના આલિમ રશીદ રઝાએ કરેલ સવાલોના જવાબો રજુ કરીએ છીએ. (નોંધઃ આ લેખમાં તમામ માન્યતાઓ શૈખ અલ્બાનીના છે અને જરૂરી નથી કે આ વિચારો અને દલીલો મઝહબે હક્કા એહલેબૈત (અ.મુ.સ.)થી સહમત હોય)

શૈખ અલ્બાની કોણ છે?

શૈખ મોહમ્મદ નાસિરૂદ્દીન અલ્બાની હિ.સ. ૧૩૩૪ (ઇ.સ. ૧૯૧૨)માં અલ્બાનીયાની રાજધાની સ્કોડરમાં પૈદા થયા. ઈસ્તંબુલના મદરેસામાં પ્રાથમિક તાલીમ હાંસિલ કરીને તેઓ પોતાના વતનમાં પાછા ફર્યા. ઝમાનાની હુકૂમતના લીધે શૈખ અલ્બાનીએ પોતાનું વતન છોડી દીધુ અને દમિશ્ક હિજરત કરી. ત્યાં તેઓ ઇલ્મુલ હદીસ તરફ આકર્ષાયા અને દમિશ્કની મશ્હૂર લાઇબ્રેરીથી ઘણો બધો ફાયદો મેળવ્યો. ત્રણ વર્ષ મદીનએ મુનવ્વરામાં ઝીંદગી પસાર કરી અને તે મુકદ્દસ ઝમીન ઉપર ‘‘ઇખ્તેસારે સહીહ મુસ્લીમ’’નું સંકલન કર્યુ. ત્યારબાદ તેઓ જુદા-જુદા દેશોમાં જીવન પસાર કરતા રહ્યા જેમકે શામ, અરદન, લેબનોન, ઓમારાત અને છેલ્લે અમ્મન એટલેકે ઇડનની રાજધાનીમાં રહેવા લાગ્યા. ઇ.સ. ૧૯૯૯ માં તેમને સઉદી અરેબીયાના આંતર રાષ્ટ્રીય એવોર્ડ શાહ ફૈસલ એવોર્ડથી નવાજવામાં આવ્યા. અલ્બાનીની મોટા ભાગની કિતાબો અને સંકલનો એહલે તસન્નુનની હદીસોના સ્ત્રોતના બચાવમાં છે અથવા પ્રચાર માટે. આથી તેમને મોહદ્દીસે અસ્રનો લકબ આપવામાં આવ્યો છે. તેમના શાગીર્દોમાં ઉમર સુલૈમાનુલ અશકાર, ખૈરૂદ્દીન વાએલી અને મોહમ્મદ ઇબ્રાહીમ શયબાનીનું નામ સૌથી આગળ છે. અંતે ૮૫ વર્ષની ઉમ્રમાં એટલે કે હિ.સ. ૧૪૨૦ (ઇ.સ. ૧૯૯૯)માં તેઓ આ દુનિયાથી રૂખ્સત થઇ ગયા.

અલ્બાનીનો એક લેખ ‘‘હવ્લુલ મહદી’’ના નામથી દમિશ્કના એક મેગેઝીન ‘‘અત્તમદ્દુનિલ ઇસ્લામિય્યાહ’’ ૨૨/૬૪૨-૬૪૬ અરબી ભાષામાં છપાયો. જેનો ઉર્દુ તરજુમો અમો અહીં રજુ કરીએ છીએ.

હઝરત મહદી(અ.સ.)ના બારામાંઃ

અમુક ભણેલ ગણેલ વાંચકોએ આ મેગેઝિનમાં પત્રો મોકલ્યા છે. તેમાંથી એક પત્રમાં લખાણ હતુ અંક નંબર ૮, ૯ અને ૧૦. ઉસ્તાદ નાસિરૂદ્દીન અલ્બાનીની અમુલ્ય ચર્ચાઓનો અભ્યાસ કર્યો. જે ઝઇફ અને મજહૂલ હદીસો ઉપર હતો અને જેમાં ખાસ કરીને હઝરત મહદી(અ.સ.)ના વિષય ઉપર ચર્ચા કરવામાં આવી. આનાથી પહેલા મેં ઉસ્તાદ રશીદ રઝાની તફસીર ‘‘અલ મુનાર’’ (પાના-૪૯૯ અને ૫૦૪) અને ઉસ્તાદ મોહમ્મદ અબ્દુલ્લાહ સેમાનનો અભિપ્રાય જે તેમણે પોતાની કિતાબ અલ ઇસ્લામ મુસફ્ફહમાં રજૂ કર્યા હતા તેનો મોઅતકિદ હતો. પરંતુ મને હવે યકીન છે કે જે કંઇ તે બંનેએ લખ્યુ છે ઉસ્તાદ નાસિરૂદ્દીન અલ્બાની તેનાથી જાણકાર છે. આથી હું ઉસ્તાદ (અલ્બાની)ને ભલામણ કરૂ છુ કે જે કંઇ તે બંનેએ લખ્યુ છે તેને ફરીવાર વાંચે અને હઝરત મહદી(અ.સ.)ના વિષય પર એક લેખ લખે. કારણકે તે બંને (ઓલમા)ની વાતો ઉસ્તાદ અલ્બાનીના અભિપ્રાયથી વિરૂધ્ધ છે. તેના જવાબમાં હું કહુ છુ ‘હું રશીદ રઝા અને ઉસ્તાદ અસ્સમાનના અકાએદ જે તેઓએ પોતાની કિતાબ ‘અલ ઇસ્લામ અલ મુસફ્ફહ’માં રજૂ કર્યા છે, તેનાથી હું વાકિફ છુ અને મને સંપૂર્ણ યકીન છે, તે બંનેએ આ વિષય પર ભૂલ કરી છે, ખાસ કરીને ઉસ્તાદ અસ્સમાન જે આ વિષયથી એકદમ અજાણ છે. આજ કારણ છે કે તેમને અન્ય મસાએલનો પણ ઇન્કાર કર્યો છે, જે મસઅલાથી વધારે નિશ્ચીત અને યકીની છે. જેમકે દજ્જાલનું ખુરૂજ, ઇસા(અ.સ.)નું નુઝૂલ અને કયામતના દિવસે શફાઅતે રસૂલ(સ.અ.વ.). નોંધઃ (એહલે હદીસ અને દેવબંદી લોકો જે શફાઅતના મુન્કીર છે, ધ્યાન આપે કે તેઓના જ પંથના આ બુઝુર્ગવારે આ લેખમાં શફાઅતના મુન્કીરની મઝમ્મત કરી છે અને તેમને ઇલ્મ અને દાનિશથી કોરા કહ્યા છે.) આ ત્રણ વિષયોની દલીલો મજબૂત અને મુસ્તહકમ છે. કારણકે તેના વિષે મુતવાતિર હદીસો

વારિદ થઇ છે. આ સ્પષ્ટ દલીલો બાદ આપણે જોઇએ છીએ ઉસ્તાદ અસ્સમાનએ આ વાતોનો ઇન્કાર કર્યો છે તેને માફ નથી કરી શકાતી. તેનાથી અગાઉ રશીદ રઝાએ પણ આ વિષય પર ચર્ચા કરી છે અને દજ્જાલ તથા નુઝૂલે ઇસા (અ.સ.)ની હદીસોને ઝઇફ હદીસો ગણી છે. જ્યારે કે આ હદીસો સહીહ અને મુતવાતિર છે. જેમકે ઇલ્મુલ હદીસના ઓલમા અને નિષ્ણાંતો જેમકે ઇબ્ને હજરે અસ્કલાની અને બીજાઓએ સ્પષ્ટતાપૂર્વક બયાન કરી છે. જોકે અત્યારે લેખમાં એટલી બધી જગ્યા નથી કે આના પર ચર્ચા કરવામા આવે. ઇન્શાઅલ્લાહ ફરી કોઇ વખત આના પર ચર્ચા કરીશુ.

જ્યાં સુધી હઝરત મહદી(અ.સ.)ની વાત છે તો આ માલૂમ હોવુ જોઇએ કે તેમના બારામાં ઘણી બધી સહીહ હદીસો મૌજૂદ છે, જેની સનદનો મોટા ભાગનો હિસ્સો મોઅતબર છે. હવે અમે તેના અમૂક ઉદાહરણો રજૂ કરીએ છીએ અને ત્યારબાદ તે લોકોની શંકાઓ રજૂ કરીશુ કે જેઓએ આ હદીસ સામે શંકાઓ કરી છે.

## પ્રથમ:

### ઇબ્ને મસ્ઉદની હદીસે મરફૂઅ:

''લવ્ લમ્ યબ્ક મેનદ્ દુનિયા ઇલ્લા યવ્મુન લ તવ્વલ્લાહો ઝાલેકલ્ યવ્મ હત્તા યબ્અસ ફીહે રજોલમ મિન્ની અવ મિન અહલેબૈતી યોવાતી ઇસ્મોહૂ ઇસ્મી વ ઈસ્મો અબીહે ઇસ્મો અબી યમ્લઉલ અર્ઝ કિસ્તંવ્ વ અદ્લા કમા મોલેઅત્ ઝુલ્મંવ વ જવ્રા''

''અગર દુનિયાને ખત્મ થવાને ફકત એક દિવસ બાકી હોય તો અલ્લાહ તે દિવસને એટલો લંબાવી દેશે કે એક શખ્સ જે મારાથી છે અથવા મારી એહલેબૈત(અ.મુ.સ.)થી છે તેને મબ્ઉસ કરશે, તેનું નામ મારૂ નામ હશે અને તેના પિતાનું નામ મારા પિતાનું નામ હશે, તેઓ દુનિયાને અદ્લો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે કે જેવી રીતે ઝુલ્મો જૌરથી ભરેલી હશે.''

આ હદીસને નીચેના મોહદ્દીસોએ પોતાની કિતાબોમાં નકલ કરેલ છે. અબૂ દાઉદ(મુસ્નદ, ૨/૨૦૭), તિરમીઝી, અહમદ ઇબ્ને હમ્બલ, તબરાની(પોતાની બે કિતાબોમાં અલ મોઅજમે કબીર અને અલ મોઅજમે સગીર) અબૂ નઇમે હિલ્યતુલ અવ્લીયામાં, ખતીબે બગદાદીએ તારીખે બગદાદમાં પોતાની સનદો મૂજબ તેઓ બધાએ ઝરીન જૈશએ જેઓએ મસ્ઉદથી વર્ણન કરી છે.

તિરમીઝીએ આ હદીસને અહસન અને સહીહ ગણાવી છે. જ્યારે કે ઝહબીએ સહીહ માની છે અને કહેવાનો અર્થ એજ છે જે તેમણે કહ્યો છે. ઇબ્ને માજાએ પોતાની સહીહમાં (૨/૫૧૭)માં બીજી સનદોથી ઇબ્ને મસ્ઉદથી વર્ણન કરી છે અને તે અહસન છે.

## બીજુ:

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ)થી પણ મરફૂઅન આજ શબ્દોથી રિવાયત થઇ છે, જેમાં બે તરીકા જોવા મળે છે. પ્રથમ તરીકો અબૂ દાઉદ અને અહમદ બિન હમ્બલે વર્ણન કર્યો છે. જેની સનદ સહીહ છે. અને બીજો તરીકો ઇબ્ને માજા અને અહમદ બિન હમ્બલે રિવાયત કરી છે જેની સનદો અહસન છે.

## ત્રીજુ:

અબૂ સઇદ ખુદરીથી બે તરીકા મૂજબ રિવાયત થઇ છે. પ્રથમ તરીકો તિરમીઝી, ઇબ્ને માજા, હાકિમ નિશાપુરી અને અહમદ ઇબ્ને હમ્બલે નકલ કર્યુ છે. તિરમીઝીએ તેને અહસન જાણી છે. હાકીમે તેને મુસ્લીમ(હજ્જાજ)ની શર્તો પ્રમાણે સહીહ ગણાવી છે. ઝહબી પણ તેની સાથે સહમત છે અને હક પણ એ જ છે જે આ લોકોએ કહ્યુ છે. બીજા તરીકાને અબૂ દાઉદ અને હાકીમે રિવાયત કરી છે. હાકીમે તેને સહીહ ગણાવી છે અને તેની સનદને અહસન જાણી છે.

## ચોથુ:

ઉમ્મે સલમાથી મન્કૂલ છે, જેના શબ્દો અને તખરીજ જે દસમાં લેખની ૮૦મીં હદીસ 'અલ અહાદીસુલ ઝઇફ'ની નીચે બયાન કરી છે.

આ હદીસના અન્ય તરીકાઓની ઓલમાઓએ પોતાની મખ્સૂસ કિતાબોમાં બયાન કરી છે. જે લોકો વધારે જાણકારીના ઇચ્છુક હોય તેઓ માટે જરૂરી છે કે તેના તરફ રજૂ કરે. (જેમકે હાફિઝ જલાલુદ્દીન સુયૂતીની અલ ઉર્ફુલ વર્દી ફી અખ્બારિલ મહદી અને સિદ્દીક હસન ઔનની અલ એઝાઅતો લમા કાન વમા યકૂનો બૈન યદયીસ્સાઅત વગેરે)

સિદ્દીક હસન ખાને પોતાની કિતાબ અલ એઝાઅતમાં લખ્યું છે મહદીના બારામાં જે હદીસો વારિદ થઇ છે કે રિવાયતોમાં મત-ભેદ હોવા છતા એટલી બધી વધારે છે કે તવાતુરની હદ સુધી પહોંચે છે. આ રિવાયતો સોનન, મુસ્નદ અને મોઅજમની કિતાબોમાં વારિદ થયેલ છે અને ઇબ્ને ખલ્દુને તેના વિશે ઘણી બધી ચર્ચા કરેલ છે. તેણે પોતાની કિતાબ ''અલ અબ્ર વ દિવાનુલ મુબ્તદા વલ ખબર''માં લખે છેઃ ''આ પ્રકરણમાં એ હદીસો પર તકય્યા કરવામાં આવે છે જેની હદીસના ઓલમાઓએ વર્ણવી છે, મુન્કીરોએ તેના પર ચર્ચા કરી છે અને અમુક હદીસો પર વાંધો લીધો છે. મુન્કીરોએ આ હદીસો પર ટીકા કરી છે. આ ટીકાઓમાં અમુક સનદના રાવીઓના બારામાં છે. અમુકને ગફલતના બિમાર ગણવામાં આવ્યા છે. અમુકને ઓછી યાદશક્તિવાળા બુરા અથવા નબળો અકીદો રાખવાવાળા કહીને રદ કરવામાં આવ્યા છે, પછી આ હદીસોને સહીહ હોવા પર ટીકા કરી છે અને હદીસને ઝઇફ ગણાવી છે.'' ઇબ્ને ખલ્દુનના વાતના અંત સુધી.

સિદ્દીક હસન કહે છે કે '' આ જાણવુ જોઇએ એ વાત જે સાચી છે અને જેને મોહદ્દીસોએ યોગ્ય જાણી છે તે એ છે કે હદીસોના રાવી અને રેજાલના મોઅતબર હોવાના ફક્ત બે માપદંડ છે અને ત્રીજુ કોઇ નથી. એક ચોકસાઇ અને બીજુ સચોટતા. તે જેને એહલે ઉસૂલ મોઅતબર જાણે છે જેમકે અદાલત વિગેરે કાબીલે તવજ્જોહ નથી અને ઉપરોક્ત બે પરિબળો સિવાય હદીસને ઝઇફ કરાર દેવામાં ત્રીજુ કોઇ પરીબળ નથી.

સિદ્દીક હસન ખાન વધુમાં ફરમાવે છેઃ ''મહદી (અ.સ.)ના બારામાં અમુક હદીસો સહીહ અને અમુક ઝઇફ છે. પરંતુ અકીદએ મહદી(અ.સ.) ઇસ્લામની શરૂઆતથી લોકોમાં મશહૂર અને મકબૂલ છે. તમામ મુસલમાનોનો અકીદો છે કે ચોક્કસ અને બેશક આખરી ઝમાનામાં પયગંબર (સ.અ.વ.)ના એહલેબૈત(અ.મે.સ.)માંથી એક એવા શખ્સ જાહેર થશે જે દીને ઇસ્લામની મદદ કરશે અને અદલો ઈન્સાફને જાહેર કરશે. મુસલમાનો તેમની પૈરવી કરશે અને તેઓ તમામ દેશો પર વર્ચસ્વ મેળવશે. તેમનું નામ મહદી હશે, તેમની સાથો સાથ દજ્જાલનો પણ ખુરૂજ થશે અને પછી કયામતની નિશાનીઓ જેમકે સહીહ હદીસોમાં વારિદ થયુ છે તે જાહેર થશે પછી હઝરત ઇસા(અ.સ.) આસમાનમાંથી નાઝિલ થશે, દજ્જાલને કત્લ કરશે અને મહદી(અ.સ.)ની પાછળ નમાઝ અદા કરશે અને અન્ય બનાવો બનશે.

દજ્જાલ અને હઝરત ઇસા(અ.સ.)ની હદીસો પણ તવાતુરની હદ સુધી પહોચી છે અને તેના ઇન્કારનો કોઇ અવકાશ નથી. જેમકે કાઝી અલ્લામા શૌકાની પોતાની કિતાબ અત્તવઝી ફીત્તવાતુર મા જાઅ ફીલ મુન્તઝર વદ દજ્જાલ વલ મસીહમાં લખે છેઃ ''મહદી(અ.સ.)ના બારામાં વારિદ થવાવાળી હદીસો જે અમારા સુધી પહોંચી છે તે લગભગ ૫૦ છે, જેમાં સહીહ, અહસન અને ઝઇફ અને ઝઇફે મુન્જબર શામીલ છે. ઝઇફે મુન્જબર એ હદીસો હોય છે જે રેજાલે સનદના દ્રષ્ટિકોણથી ઝઇફ છે. પરંતુ અન્ય કરાઇન તેને કુવ્વત બક્ષે છે. કોઇ પણ જાતના શક વગર આ હદીસો તવાતુરની હદ સુધી છે. પરંતુ ઇલ્મે ઉસુલમાં વારિદ થવાવાળી તમામ પરિભાષાઓની બુનિયાદ પર તવાતુરની સિફત તે હદીસને પણ કહેવાય છે જે તેનાથી ઘણીબધી કમઝોર હોય. મહદી(અ.સ.)ના બારામાં અસ્હાબથી પહોંચવાવાળી રિવાયતો પણ એટલી સ્પષ્ટ અને વધારે છે કે તેને મરફુઅ જાણી શકાતી નથી, કારણ કે આ પ્રકારની બાબતોમાં ઇજતેહાદનો અવકાશ નથી''

શૌકાનીના કૌલ પછી સૈયદ અલ્લામા મોહમ્મદ ઇબ્ને ઇસ્માઇલ અમીર યમાનીની માન્યતા તરફ ઇશારો કરીએ છીએ કે તેમણે મહદી(અ.સ.) બારામાં હદીસો જમા કરી છે કે મહદી(અ.સ.) આલે મોહમ્મદ(અ.મુ.સ.)માંથી છે અને આખરી ઝમાનામાં ખુરૂજ કરશે અને ફરમાવે છે કે તેમના ઝુહુરનો ઝમાનો નક્કી નથી પરંતુ એટલુ સ્પષ્ટ છે કે આપનો કયામ દજ્જાલના ખુરૂજ પહેલા હશે.

## મહદી(અ.સ.)ના બારામાં હદીસોમાં શંકાઓઃ

રશીદ રઝા અને તેમની જેવા બીજા લોકોએ મહદી(અ.સ.)થી સંબંધિત રિવાયતોને એક એક કરીને વિશ્લેષણ નથી કર્યુ બલ્કે આ વિષયના બારામાં વારિદ થવાવાળી તમામ હદીસોથી વાકિફ પણ નથી. અગર તેઓએ આ પ્રમાણે કર્યુ હોત તો આ પરિણામ પણ આવત કે આ હદીસો થકી હુજ્જત તમામ થઇ ચુકી છે. ત્યાં સુધી કે ગૈબી બાબતો ઉપર પણ જે અમુક લોકોની નઝદીક મુતવાતીર અહાદીસો થકી સાબિત થાય છે.

આ વાતની દલીલ રશીદ રઝાની વાતો છે, જેની નઝરમાં મહદી(અ.સ.)ના બારામાં હદીસો શીઆ રાવીઓથી ખાલી નથી, પરંતુ આ વાત એકદમ ખોટી અને અયોગ્ય છે. આ હદીસોની સનદની સાકળમાં કે જેને અમે આ ચર્ચામાં લાવ્યા છીએ એક પણ શીઆ મૌજુદ નથી. આ ઉપરાંત થોડીક વાર માટે ધારી લઇએ કે અગર આપણે આ દાવાને માની પણ લઇએ તો પણ તેની સનદોની સહીહ હોવા પર ટીકા નથી કરી શકતા, કારણ કે હદીસના સહીહ હોવાના માપદંડ અને મેઅયાર ચોકસાઇ અને સચોટતા છે. ઇલ્મુલ હદીસમાં આ વાત સંપૂર્ણ સ્પષ્ટતાથી બયાન કરવામાં આવી છે કે મઝહબ અને ફિરકાના મત-ભેદો હદીસના સહીહ અને ઝઇફ હોવાની દલીલ નથી. આ જ કારણ છે કે મુસ્લીમ અને બુખારીએ પોતાની સહીહોમાં ઘણાબધા લોકો શીઆ અને ગૈર શીઆ અને જુદા-જુદા ફિરકાઓથી રિવાયતો વર્ણવી છે અને ખુદ આ બંને બુઝુર્ગવારોએ આ પ્રકારની હદીસો પર ભરોસો કર્યો છે.

રશીદ રઝાનો આ વિષયની હદીસો પર બીજો વાંધો તેના વિરોધાભાસના બારામાં છે, પરંતુ આ વાંધો પણ પાયા વગરનો છે કારણ કે વિરોધાભાસની શર્ત એ છે કે બે અથવા તેનાથી વધારે હદીસો સાબિતીના એઅતેબારથી સરખી અને બરાબર હોવી જોઇએ. આથી મજબુત અને ઝઇફને વિરોધાભાસી ગણવી એવો દાવો છે જેને કોઇ પણ અક્કલમંદ અને ઇન્સાફ પસંદ કબુલ નહી કરશે. મેં આ લેખમાં ઘણાબધા ઉદાહરણો રજુ કર્યા છે. જે ચાહે તે તેના તરફ રજુ કરી શકે છે. અમુક લોકો આ હદીસોને જોઇને અને ઇસા(અ.સ.)ના નુઝુલની હદીસોને પણ જોઇને બીજો વાંધો કરે છે કે અને તે એ છે કે આ પ્રકારની રિવાયત આ વાતનો સબબ બને છે કે લોકો હાથ પર હાથ રાખીને બેઠી જાય અને મહદી(અ.સ.)ના ઝુહુર તેમજ ઇસા (અ.સ.)ના નુઝુલનુ બહાનુ રજુ કરીને પોતે કોઇ પગલુ ન ભરે. પરિણામે ઉમ્મત રાહે હયાત અને કુવ્વત, શક્તિ અને કામ્યાબીથી હાથ ધોઇ બેસે.

આ દ્રષ્ટિકોણ રાખવાવાળાઓએ આ મુશ્કેલીનો ઉકેલ મહદી(અ.સ.) અને ઇસા(અ.સ.)ની હદીસોનો ઇન્કાર કરવામાં જોયો. પરંતુ આ રીત સ્પષ્ટ રીતે ખોટી છે. બિલ્કુલ એવી રીતે જેવી રીતે મોઅતઝેલાએ મોતશાબેહ આયતો અને રિવાયતોની તાવીલ કરી છે. બીજા શબ્દોમાં તેઓએ તન્ઝીહને સાબિત કરવા માટે અને તશબીહને રદ કરવાની નિય્યતથી આયતોની તાવીલ કરી છે અને હદીસોનો ઇન્કાર કર્યો છે. પરંતુ એહલે સુન્નત આયતો અને રિવાયતોના જાહેર પર ઇમાન રાખે છે. જો કે તેનાથી તશબીહનો અર્થ અથવા અન્ય મતલબો જે હક સુબ્હાનહુને શોભા નથી આપતા તેને અપનાવતા નથી. મહદી(અ.સ.)ના બારામાં હદીસોમાં પણ આ મસઅલો છે. આ રિવાયતોમાં એક નાનો એવો પણ ઇશારો નથી કે મહદી(અ.સ.)ના ઝુહુર પહેલા મુસલમાન કોઇ હરકત ન કરે અને પોતાની ઇઝ્ઝત અને આબરૂ માટે કોઇ પગલુ ન ઉઠાવે. જો અમુક જાહીલ મુસલમાન આ હદીસોની તાવીલ એવી રીતે કરે છે કે તેનો હલ એ છે કે આ જાહીલ લોકો ઇલ્મ હાસિલ કરે અને સમજે કે તેઓની સમજ ગલત છે ન એ કે આપણે તેઓની ખોટી સમજણના લીધે સહીહ હદીસોને રદ કરીએ.

એક અન્ય એઅતેરાઝ એ છે કે અમુક જુઠ્ઠા દાવેદારો અને દજ્જાલ અકીદએ મહદી(અ.સ.)નો ખોટી રીતે ઉપયોગ કરે છે. પોતાને મહદી નામ આપે છે અને તેના થકી મુસલમાનોની દરમિયાન ફિર્કા અને મત-ભેદ પૈદા કરે છે. આ વાંધો ઉપાડવાવાળાઓ પોતાની વાતને સાબિત કરવા માટે અસંખ્ય ઉદાહરણો રજુ કરે છે. જેમાં ગુલામ એહમદ કાદયાની દજ્જાલે હિન્દ છે.

જવાબમાં એ કહીશુ કે આ એઅતેરાઝ આ વિષય પર એકદમ ઝઇફ છે કે જેનુ બયાન કરવું એ જ તેનો જવાબ આપી દે છે. કારણ કે આ વાત નિર્વિવાદ છે કે હકની બાબતોમાં અસંખ્ય એવી બાબતો છે કે જેનો બુરાઇ પસંદ લોકોએ ખરાબ રીતે ઉપયોગ કર્યો છે. દાખલા તરીકે અમુક લોકો આલિમ હોવાનો દાવો કરે છે જ્યારે કે હકીકતમાં તેઓ બિલકુલ જાહીલ અને અજ્ઞાન હોય છે. શું એ યોગ્ય છે કે એક આકીલ ઇન્સાન ઇલ્મના આ જુઠ્ઠા દાવેદારોના લીધે ઇલ્મની ફઝીલતના મુન્કીર બની જાય? જુઠ્ઠા દાવેદારો તો અલ્લાહના પણ થયા છે. તો શું તેનો મતલબ એમ કે ઇન્સાન અલ્લાહ પર અકીદો ન રાખે? તેનુ એક અન્ય ઉદાહરણ છે કે અમુક મુસલમાનો એ કઝા અને કદરના અકીદાથી જબ્રનો અર્થ લીધો છે. તેઓનો અકીદો એ છે કે બુરાઇ તેઓ માટે નક્કી કરવામાં આવી છે અને તેને અંજામ દેવા માટે મજબુર છે અને તેને અંજામ દેવામાં તેઓનો કોઇ ઇખ્તીયાર નથી. ઘણા બધા ઓલમા આ ગલત અકીદાનો શીકાર બન્યા છે. પરંતુ આપણે ઓલમાના એ સમૂહથી સંબંધ રાખીએ છીએ કે જે ન કઝા કદ્રના અકીદાને રદ કરે છે અને ન તેનો અર્થ જબ્ર તરીકે લે છે.

આપણે તે ગલત અકીદાની સુધારણા કરીએ છીએ. શું આ મસઅલાનો ઉકેલ કઝા કદ્રના અકીદાનો ઇન્કાર છે? જેવી રીતે મોઅતઝેલાના રેહનુમાઓએ ભુતકાળમાં કર્યુ અને જેને તેના માનવાવાળા આજે પણ અંજામ દઇ રહ્યા છે અથવા તરીકો એ છે કે આપણે કહીએ કે કારણ કે સહીહ રિવાયતોમાં કઝા અને કદ્રનો અકીદો સાબિત છે. આપણે તેનો સ્વિકાર કરીએ છીએ એ રીતે કે તેનાથી જબ્રનો અર્થ ન લઇએ. ચોક્કસ સાચો રસ્તો આ જ છે અને કોઇ મુસલમાન ક્યારેય પણ તેનો વિરોધ કરશે નહી.

બિલકુલ આ જ રીત અકીદએ મહદી(અ.સ.)ના બારામાં હોવી જોઇએ. જેના થકી મસઅલો ઉકેલાય. અમે સહીહ હદીસો પર ઇમાન રાખીએ છીએ અને ઝઇફ હદીસોથી દુરી રાખીએ છીએ. આ રીતે અમે તેના પર અકીદો રાખીએ છીએ જેને શરીઅતે મુકદ્દસાએ સાબિત કરી છે અને જેને અક્લે સલીમ કબુલ કરે છે.

ખુલાસો એ છે કે મહદી(અ.સ.)ના ઝુહુરનો અકીદો એક સાબિત અને મજબુત અકીદો છે. જે મુતવાતીર રિવાયતો દ્વારા રસુલે ખુદા(સ.અ.વ.)થી વારિદ થયો છે અને જેના પર ઇમાન રાખવું દરેક મુસલમાન પર વાજીબ છે. કારણ કે આ ગૈબી બાબતોમાંથી છે, જેને કુર્આને કરીમે મુત્તકીનની સિફાતોમાં શામિલ કરી છે. ખુદાવંદે આલમ ફરમાવે છેઃ

*''અલીફ લામ મીમ. ઝાલેકલ્ કિતાબો લા રયૂબ ફીહે હોદલ્ લીલ્ મુત્તકીન અલ્લઝીન યુઅ્મેનુન બિલ્ ગયૂબે''*

*''અલીફ લામ મીમ. તે કિતાબ છે કે જેમાં કોઇ શક નથી જે મુત્તકીઓ માટે હિદાયત છે, તેઓ કે જેઓ ગૈબ પર ઇમાન રાખે છે''*

(સુ. બકરહઃ ૧-૩)

અકીદએ મહદવીય્યતનો ફક્ત એ જ ઇન્કાર કરે છે કે જે જાહીલ હોય અથવા ઇલ્મ હોવા છતા અભીમાનથી કામ લે.

આપણે ખુદાવંદે મોતઆલથી દુઆ કરીએ છીએ કે આપણને એ હાલતમાં મૌત આપે કે આપણે અકીદએ મહદવીય્યત ઉપર ઇમાન રાખતા હોય અને એ તમામ બાબતો જે કુર્આન અને સહીહ સુન્નતથી સાબિત થઇ છે.

શૈખ અલ્બાની અને અકીદએ મહદી(અ.સ.)ના શિર્ષક હેઠળ લેખકે જે બયાન કર્યુ છે તેમાં તમામ માન્યતાઓ અને મહદી(અ.સ.) પર અકીદાઓ શૈખ મોહમ્મદ નાસિરૂદ્દીન અલ્બાની તરફથી છે. વધારે સ્પષ્ટતા ઇન્શાઅલ્લાહ આગળ જઇને બયાન કરીશુ.

---ooo---

**અનુસંધાન પાના નં. ૧૫ થી શરૂ ...**

સ્પષ્ટતા કરવાવાળા તેનો ઉપયોગ કરતા હતા. આ ખુલાસા-વાળા કાગળોની મદદથી ૩૯૦ કિતાબોનું એક લીસ્ટ લેખકે તૈયાર કર્યુ હતુ અને તેનું લખાણ જનાબ ઇઝહારૂલ હસન હૈદરી કામટીએ કર્યુ.

આ વિગતો બાદ એ ગુજારીશ કરીએ છીએ કે ઇમામે ઝમાના(અ.સ.)થી સંબંધિત દરેક ઝમાનામાં લખવામાં આવેલી કિતાબોની જાણકારી ''કિતાબ નામાએ હઝરત મહદી (અ.સ.)'' તરફ ચોક્કસ રૂજુઅ કરે. તેમાં અરબી, ફારસી, ઉર્દુ, અંગ્રેજી, ગુજરાતી અને અન્ય ભાષાઓની કિતાબોનો પરિચય કરાવ્યો છે.

ખુદાયા! ઇમામત અને તશય્યોના બચાવ માટે અમને આલે મોહમ્મદ(સ.અ.વ.)ની બાબતોનું સંશોધન અને પ્રકાશન કરવાની તૌફીક અતા કર.

હિંદુસ્તાનની સરજમીન પર ઇમામે વક્તના વિષય પર ઊંડી સમજણ અને નજરની અત્યંત મહત્વની જરૂરત છે તેને નજરમાં રાખીને લેખકે ક્રોનીકલ વાંચકોની ખિદમતમાં પેશ કરવાની તૌફીક હાસિલ કરી છે, ઇન્શાલ્લાહ કાએમે આલે મોહમ્મદના મોહિબ્બો તેની વધારે વઝાહત અને સ્પષ્ટતા તથા સમજણ માટે લખશે. સંપૂર્ણ યકીન છે કે મૌલા ગૈબથી મદદ કરશે.

---ooo---

# ફેંસલો અને ચુકાદામાં ઈમામે ઝમાના(અ.સ.)ની સીરત

## પ્રસ્તાવના:

અદાલત અને ઈન્સાફના વિશે ચર્ચા કરવા પહેલા જરૂરી છે કે અપરાધો, ઝુલ્મ અને ફસાદ, બીજાઓના હક્કો પર કબ્ઝો, તબાહી અને બરબાદી વિગેરેના કારણો અને પરિબળોને શોધીએ. જેથી તેના મૂળો કાપી નાખવાથી એક હદ સુધી અપરાધ અને ઝુલ્મ ફસાદમાં ઘટાડો થઇ શકે. એટલા માટે જરૂરી છે કે વૈશ્વીક અદાલત માટે એક દ્રષ્ટિકોણથી ઇમાન અને અખ્લાકની બુનિયાદોને મજબૂત કરવામાં આવે અને બીજા દ્રષ્ટિકોણથી એક શક્તિશાળી, આદિલ, કાઝી અને રહનુમાને હકુમતના અધિકારો દેવામાં આવે.

અપરાધો અને તબાહી ફસાદ અને સામાજીક ખરાબીઓના ઉંડાણમાં જોઈને આપણે તેને અટકાવવા માટે આગળ વધી શકીએ છીએ જેમકે...

(૧) સમાજમાં સામાજીક અદાલતની સ્થાપના, દૌલત અને માલની સરખી વહેંચણી, ઘણી બધી સામાજીક ખરાબીઓને સમાજમાંથી ઉખાડીને ફેંકે છે. અલગ-અલગ પ્રકારની બેઈમાની, ખયાનત અને ઝુલ્મો ફસાદ જે વધારે કમાણીની લાલચથી પૈદા થાય છે, તે આપમેળે ખત્મ થઇ જશે અને આ જ એ ખરાબીઓ છે જે સામાન્ય રીતે સમાજમાં જોવા મળે છે. આ ખરાબીઓ મૂળભુત અને બુનિયાદી ખરાબીઓ છે અને તેમના મૂળ ખત્મ કરવાથી તેની શાખાઓ અને પાંદડાઓ આપમેળે સુકાઇ જાય છે.

(૨) સમાજમાં ઝુલ્મ અને ફસાદ ફેલાવાનું એક મહત્વનું કારણ એ છે કે આજનો સમાજ સંદેશા વ્યવહારના સાધનોનો ઉપયોગ માત્ર સહીહ તાલીમ મેળવવા નથી કરતો પરંતુ તેનો વધારે ગેર ઉપયોગ સૌથી ખરાબ કાર્યો કરવા માટે કરે છે.

(૩) એક એવી અદાલત જે આગાહ અને તાલીમ પામેલી હોવાની સાથે એવા સાધનોથી સુસજ્જ હોય જે અપરાધીઓ પર કડક નજર રાખી શકે. કોઇપણ ઝાલીમ તેમની પકડમાંથી નીકળી ન શકે અને ન તો કોઇ સીતમગર અદાલતના કઠેરાની બહાર હોય. આ પણ એક મહત્વનું કારણ છે જે ઝુલ્મ અને ફસાદના ગ્રાફને નીચે લાવી દે છે.

અગર આ ત્રણેય ચીજો એક સાથે મળી જાય તો તેની અસર બહુ જ વધારે હશે.

ઈમામે ઝમાના(અ.સ.)ની હુકમતથી સંબંધિત તમામ હદીસોમાં શોધખોળ કરવાથી માલુમ થાય છે કે ઈમામ(અ.સ.) આ ત્રણેય ચીજોથી ઇન્કેલાબના ઝમાનામાં ફાયદો ઉઠાવશે. જેનાથી આ મશ્હુર કહેવત સાચી ઠહેરશે કે એક એવો સમય આવશે કે જ્યારે સિંહ અને બકરી એક ઘાટ પર પાણી પીશે.

યકીનન જંગલી વિકરાળ પ્રાણીઓ તેમની હકીકત અને ફિતરત નહી બદલે અને તેની જરૂરત પણ નથી. બકરીઓ જેવી છે તેવી જ રહેશે બલ્કે આ વાક્ય એ વાત તરફ પણ ઈશારો કરે છે કે દુનિયામાં અદાલત અને ઈન્સાફની બોલબાલા હશે અને ઈન્સાનોની શકલમાં જે ખુંખાર વરૂઓ રહે છે જે ઝાલિમ હાકિમોની સરપરસ્તીમાં સદીઓથી કમઝોર અને લાચાર લોકોનું ખુન ચુસતા આવ્યા છે, તેમને પોતાની જાતને બદલવી પડશે.

(૪) ઈમામે ઝમાના(અ.સ.)નો ફેંસલો કરવાની રીત અને ન્યાયીક વ્યવસ્થાને ફક્ત રિવાયતોના અરીસામાં સમજી શકાય છે. કારણ કે અક્લ તે હુકુમત સુધી પહોંચી નથી શકતી કે આપણે અકલી પૃથક્કરણ કરીને તેની હકીકતોને સમજી શકીએ. આથી આ વિષયમાં પેહલા આપણે સંબંધિત રિવાયતોનો (જેટલી હદે આપણી પહોંચ છે) ઉલ્લેખ કરીશુ અને પછી ઝીણવટ રીતે તેનો અભ્યાસ કરી ઇમામ(અ.સ.)ની ન્યાયીક વ્યવસ્થાને અમૂક અંશે જાણવાની કોશિશ કરીશું.

## રિવાયતો:

ઈમામ(અ.સ.)ની અદાલતી વ્યવસ્થા અને ફેંસલો આપવાની રીતના બારામાં ઘણી બધી હદીસો વારિદ થઇ છે. અમે તેમાથી અમુક હદીસોની તરફ ઇશારો કરીએ છીએ:

(૧) ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

*એઝા કામલ્ કાએમો હકમ બીલ્ અદ્લે વર્તફઅ ફી અય્યામેહીલ્ જવ્રો વ અમેનત્ બેહીસ્સોબોલો વ અખ્રજતીલ્ અર્ઝો બરકાતેહા વ રદ્દ કુલ્લ હક્કીન એલા અહ્લેહી વ હકમ બય્નન્નાસે બે હુકમે દાઉદ વ હુકમે મોહમ્મદીન(સ.અ.વ.).....*

*જ્યારે હઝરત કાએમ(અ.સ.) ઝુહુર ફરમાવશે તો અદ્લો ઇન્સાફની બુનિયાદ પર ફેંસલો કરશે. તેમના ઝમાનામાં ઝૂલ્મો સિતમ ખત્મ થઇ જશે અને રસ્તાઓ સલામતીવાળા હશે અને ઝમીન પોતાની બરકતો જાહેર કરી દેશે અને દરેક શખ્સને તેનો હક મળશે અને લોકોની વચ્ચે ઇમામ(અ.સ.) જનાબે દાઉદ(અ.સ.) અને રસુલે ખુદા (સ.અ.વ.)ની જેમ ફેંસલો કરશે*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૩૮)

(૨) ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

*ઇન્નહુ એઝા તનાહતીલ્ ઓમુરો એલા સાહેબે હાઝલ્ અમ્રે રફઅલ્લાહો તબારક વ તઆલા લહુ કુલ્લ મુન્ખફેઝીન મેનલ્ અર્ઝે વ ખફઝ લહુ કુલ્લ મુર્તફેઇન હત્તા તકુનદ્દુન્યા ઇન્દહુ બે મન્ઝેલતે રાહતેહી ફ અય્યોકુમ લવ્ કાનત્ ફી રાહતેહી શઅ્રતુન લમ્ યુબ્સીરહો*

*જ્યારે તમામ કાર્યો સાહેબે વિલાયતના હાથોમાં પહોંચશે તો અલ્લાહ તઆલા જમીનના દરેક નીચલા ભાગને બુલંદ કરી દેશે અને દરેક બુલંદ હિસ્સાને નીચે કરી દેશે એવી રીતે કે પુરી દુનિયા તેમની સામે હાથની હથેળીની જેમ થઇ જશે. તમારામાંથી કોણ છે કે જેની હથેળીમાં વાળ હોય અને તે જોઇ ન શકે*

(કમાલુદ્દીન, ભાગ: ૨, પાના: ૬૮૪)

(૩) ઇમામ સાદિક(અ.સ.) અને ઇમામ કાઝિમ(અ.સ.)એ ફરમાવ્યું:

*લવ્ કદ્ કામલ્ કાએમો લ હકમ બે સલાસીન લમ્ યહ્કુમ્ બેહા અહદુન કબ્લહુ યક્તોલુશ્ શય્ખઝ્ ઝાનેય વ યક્તોલો માનેઅઝ્ ઝકાતે વ યોવર્રેસુલ્ અખા અખાહો ફીલ્ અઝીલ્લતે*

*જ્યારે કાએમ(અ.સ.) કયામ કરશે તો ત્રણ પ્રકારના ફેંસલાઓ કરશે જે અગાઉ કોઇએ પણ નહી કર્યા હોય અને તે એ છે કે ઝીના કરનાર ઝઇફ શખ્સને કત્લ કરી દેશે. ઝકાત દેવાની મનાઇ કરનારને કત્લ કરશે અને એ ભાઇને મિરાસ આપશે જે આલમે ઝરમાં ભાઇ રહ્યો હશે*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૦૯)

(૪) ઘણી બધી હદીસોમાં વારિદ થયુ છે કે ઇમામે ઝમાના(અ.સ.) ઇમામ હુસૈન(અ.સ.)ના કાતિલોની ઝુર્રીયત અને ખાનદાનોને તેમના બાપદાદાઓના કામથી રાજી રહેવાના કારણે કત્લ કરશે. ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

*એઝા ખરજલ્ કાએમો કતલ ઝરારીય્ય કતલતીલ્ હુસૈને(અ.સ.) બે ફેઆલે આબાએહા*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૧૩)

(૫) અબ્બાન કહે છે કે મેં ઇમામ સાદિક(અ.સ.)ને કેહતા સાંભળ્યા:

*લા યઝ્હબુદ્ દુન્યા હત્તા યખ્રોજ રજોલુન મીન્ની યહ્કોમો બે હોકુમતે આલે દાઉદ લા યસ્અલો અન્ બય્યેનતીન યુઅ્તી કુલ્લ નફ્સીન હુક્મહા*

*દુનિયા ત્યાં સુધી ખત્મ નહી થાય જ્યાં સુધી અમારા માંથી એક શખ્સ ઝહુર ન કરે અને તે પોતાની હુકુમતમાં આલે દાઉદની જેમ ફેંસલો ન કરે અને તે કોઇ દલીલ અથવા ગવાહ નહી માંગે પરંતુ દરેક શખ્સ માટે હકીકી ફેંસલો કરશે*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૨૦)

(૬) ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

*એઝા કામલ્ કાએમો અલય્હિસ્સલામો લમ્ યકુમ્ બય્ન યદય્હે અહદુન મીન્ ખલ્કીર્રહમાને ઇલ્લા અરફહુ સાલેહુન હોવ અમ્ તાલેહુન અલા વ ફીહે આયતુન (લીલ્મોતવસ્સેમીન વહેયસ્સબીલુલ્*

*મોકીમો)*

*જ્યારે કાએમ(અ.સ.) ઝુહુર કરશે તો અલ્લાહની મખ્લુકમાંથી કોઇ એક પણ તેમની સામે ઉભુ નહી રહે સિવાય કે ઇમામ(અ.સ.) તેમને ઓળખી લેશે કે આ સારો માણસ છે કે ખરાબ. જાણી લ્યો કે તેમની શાનમાં આ આયત નાઝિલ થઇ છે*

*લીલ્મોતવસ્સેમીન વહેયસ્સબીલુલ્ મોકીમો*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૨૫)

એક અન્ય હદીસમાં વારિદ થયુ છે:

*લવ્ કામ કાએમોના અઅ્તાહુલ્લાહુસ્ સીમાઅ ફ યઅ્મોરો બીલ્ કાફેરે ફ યુઅ્ખઝો બે નવાસીહીમ્ વ અક્દામેહીમ્ સુમ્મ યખ્બેતો બીસ્સયફે ખબ્તા*

*જ્યારે અમારા કાએમ(અ.સ.) ઝુહુર કરશે તો અલ્લાહ તઆલા તેમને ઇલ્મે સીમા અતા કરશે પછી તેઓ કાફિરની વિરૂદ્ધ ફેંસલો કરશે. પછી તેની પેશાનીના વાળને પકડી લેશે અને તેના પગો પકડી લેશે અને તલવારની તરફ તેને ખેંચીને લઇ જશે અને તલવાર તેની વચ્ચે હશે*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૨૧)

(૭) એક હદીસમાં ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

*ઇન્ન કાએમના એઝા કામ મદ્દલ્લાહો અઝ્ઝ વ જલ્લ લે શીઅતેના ફી અસ્માએહીમ્ વ અબ્સારેહીમ્ હત્તા લા યકુન બય્નહુમ્ વ બય્નલ્ કાએમે બરીદુન યોકલ્લેમોહુમ્ ફ યસ્મઉન વ યન્ઝોરૂન એલય્હે વ હોવ ફી મકાનેહી*

*જ્યારે અમારા કાએમ(અ.સ.) ઝુહુર ફરમાવશે, અલ્લાહ તઆલા અમારા શીઆની આંખો અને કાનોને મજબુત કરી દેશે ત્યાં સુધી કે તેમની અને અમારા કાએમ(અ.સ.)ની વચ્ચે પૈગામ પહોંચાડવાવાળાની જરૂરત નહી પડે. ઇમામ(અ.સ.) તેઓની સાથે વાતચીત કરશે અને તેઓની વાતચીત સાંભળશે અને તેઓને જોશે જ્યારે કે તેઓ પોતાની જગ્યાએ હશે અને તેઓ દુનિયાના અન્ય ખૂણામાં હશે*

(અલ કાફી, ભાગ: ૮, પાના: ૨૪૧)

એટલે કે અવાજ અને તસ્વીર પહોંચાડવાનુ માધ્યમ એકદમ આસાન હશે અને તમામ ઇમામ(અ.સ.)ના પૈરવ-કારોના ઇખ્તિયારમાં હશે. એવી રીતે કે ઇમામ(અ.સ.)ની હુકુમતના ઝમાનામાં પોસ્ટ એક વ્યર્થ ચીજ સમજવામાં આવશે. આ બાબતને ધ્યાનમાં રાખીને તમામ પ્રોગ્રામ આંખોથી જોઇ શકાશે અને સાંભળી શકાશે.

આવી રીતે હાકિમે વક્તથી કોઇ પણ બાબત છૂપી નહી રહે. જો કે બીજાઓની નિગાહોથી છૂપી રહે. ઇમામ સામાન્ય ફિતરી તરીકાથી હટીને તમામ ચીજોને જાણે છે અને જનાબે દાઉદ(અ.સ.) અને જનાબે સુલૈમાન(અ.સ.)ની જેમ ફેંસલો કરશે.

(૮) ઇમામ સાદિક(અ.સ.) ફરમાવે છે:

*એઝા કામ કાએમો આલે મોહમ્મદ(સ.અ.વ.) હકમ બય્નન્નાસે બેહુકમે દાઉદ લા યહ્તાજો એલા બય્યેનતીન યુલ્હેમોહુલ્લાહો તઆલા ફ યહ્કોમો બેઇલ્મેહી વ યુખ્બેરો કુલ્લ કવ્મીન બેમસ્તબ્તનુહુલ્ ખબર*

*જ્યારે અમારા કાએમ(અ.સ.) ઝુહુર ફરમાવશે તો લોકોની વચ્ચે હઝરત દાઉદ(અ.સ.)ની જેમ ફેંસલો કરશે અને ફેંસલો કરવામાં દલીલ અને ગવાહની જરૂર નહી હશે. અલ્લાહ તઆલા તેમને ઇલ્હામ કરશે અને તેઓ પોતાના ઇલ્મથી ફેંસલો કરશે*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૩૯)

દરેક કૌમ જે છૂપી હશે તેને જાહેર કરશે. પોતાના દોસ્તો અને દુશ્મનોને નિશાનીઓથી ઓળખી લેશે. આ જ આ આયતની તફસીર છે જેમાં અલ્લાહ તઆલા ઇરશાદ ફરમાવે છે:

*ઇન્ન ફી ઝાલેક લઆયાતીલ્ લીલ્ મોતવસ્સેમીન*

(સુરે હીજ, આયત: ૭૫)

(૯) ઇમામ બાકિર(અ.સ.) ફરમાવે છે:

*યકુમુલ્ કાએમો બે અમ્રીન જદીદીન વ કેતાબીન જદીદીન વ કઝાઇન જદીદીન*

*ઇમામે કાએમ(અ.સ.) એક નવો હુકમ, નવી કિતાબ અને નવા ફેંસલા સાથે ઝુહુર ફરમાવશે*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૫૪)

(૧૦) ઇમામ સાદિક(અ.સ.)એ એક હદીસમાં ફરમાવ્યું:

*એઝા કામલ્ કાએમો બઅસ ફી અકાલીમીલ્ અર્ઝે ફી કુલ્લે ઇકલીમીન રજોલન યકુલો અદ્દોક ફી કફ્ફેક ફ એઝા વરદ અલય્ક મા લા તફ્હમોહુ વ લા તઅ્રેફુલ્ કઝાઅ ફીહે ફન્ઝુર એલા કફ્ફેક વઅ્મલ્ બેમા ફીહા*

*જ્યારે અમારા કાએમ(અ.સ.) ઝુહુર ફરમાવશે તો દુનિયાના દરેક ખુણામાં એક પ્રતિનિધિ આમ કહીને મોકલશે કે જ્યારે તમને કોઇ મુશ્કેલી થાય તો પોતાની હથેળીમાં જોવુ અને જે કાંઇ તેમા હોય તે પ્રમાણે અમલ કરવો*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૬૫)

(૧૧) ઇમામ બાકિર(અ.સ.)એ ફરમાવ્યું:

સુમ્મ યર્જેઓ એલલ્કુફતે ફ યબ્અસુસ્ સલાસમેઅતે વલ્ બીઝ્અત અશર રજોલન એલલ્ અફાકે કુલ્લેહા ફ યમ્સહો બય્નલ્ અક્તાફેહીમ વ અલા સોદુરેહીમ્ ફલા યતઆયવ્ન ફી કઝાએ...

*પછી જ્યારે ઇમામે ઝમાના(અ.સ.) કુફા પરત આવશે અને ત્યા રહેશે તો ૩૧૦ શખ્સોથી વધારે લોકોને દુનિયાના ખૂણે ખૂણામાં મોકલશે અને તેમને મોકલતી વખતે તેમના ખભા અને છાતી પર પોતાનો હાથ ફેરવશે પછી તેઓ કોઇ હુકમ અને ફેંસલો આપવામાં કમજોરી નહી અનુભવે, બલ્કે તમામ મુશ્કેલ ચીજમાં તેમના માટે ફેંસલો કરવો આસાન થઇ જશે*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૪૫)

(૧૨) ઇમામ બાકિર(અ.સ.)એ એક હદીસમાં ફરમાવે છે:

*ફ ઇન્નમા સુમ્મેયલ્ મહદીય્યો લે અન્નહુ યુહદા લે અમ્રીન ખફીય્યીન યસ્તખ્રેજુત્ તવ્રાત વ સાએર કોતોબીલ્લાહે મીન્ ગારીન બે અન્તાકીય્યત ફ યહ્કોમો બય્ન અહ્લીત્તવરાતે બિત્તવરાતે વ બય્ન અહ્લીલ્ ઇન્જીલે બિલ્ઇન્જીલે વ બય્ન અહ્લીઝ્ ઝબુરે બિઝ્ઝબુરે વ બય્ન અહ્લીલ કુર્આને બિલ્કુર્આને...*

*મહદીનું નામ મહદી એટલા માટે રાખવામાં આવ્યુ છે, કારણ કે અલ્લાહ તઆલાએ તેમને છૂપી બાબતોથી આગાહ કર્યા છે અને તેમાંથી એક બાબત આ છે કે તૌરેત અને અન્ય આસ્માની કિતાબોને અન્તાકીયાની એક ગુફામાંથી બહાર કાઢશે અને તૌરેતના માનવા વાળાઓને તૌરેતથી અને ઝબુરના માનવાવાળાઓને ઝબુરથી અને કુર્આનના માનવાવાળાઓને કુર્આનથી ફેંસલો સંભળાવશે*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૧, પાના: ૨૯)

ઇમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું:

*અમા વલ્લાહે લયદ્ખોલન્ન અલય્હીમ્ અદ્લોહુ જવ્ફ બોયુતેહીમ્ કમા યદ્ખોલુલ્ હર્રો વલ્ કર્રો*

*જાણી લ્યો અલ્લાહની કસમ (ઇમામ મહદી અ.સ.) અદ્લો ઇન્સાફને ઘરોમાં દાખલ કરી દેશે જેવી રીતે ગરમી અને ઠંડી ઘરોમાં દાખલ થઇ જાય છે. (એટલે કે દરેક જગ્યાએ અદ્લો ઇન્સાફની બોલબાલા હશે)*

(બેહારૂલ અન્વાર, ભાગ:૫૨, પાના: ૩૬૨)

## વિશ્લેષણ:

રિવાયતોના અભ્યાસથી નીચે મુજબની વાતો સમજમાં આવે છે.

(૧) અદાલત એક મહત્વના કાનૂન અને ઇસ્લામી તાલીમાતમાંથી એક મહત્વની તાલીમ છે અને મહાન હેતુઓ માંથી એક હેતુ છે. એક એવી તાલીમ છે કે જેને અપનાવવા માટે કુર્આન અને સુન્નતમાં ખુબ જ તાકીદ કરવામાં આવી છે. તમામ અંબિયાએ કિરામની એક જવાબદારી આસ્માની પૈગામના મુજબ દુનિયાના તમામ ઇન્સાનોની વચ્ચે અદ્લો

ઈન્સાફની સ્થાપના કરવાની હતી અને અંબિયા(અ.મુ.સ.)ની તમામ કોશિશો એ વાતની હતી કે લોકોની એવી રીતે તરબીયત કરે કે લોકો પોતે ખુદ અદ્‌લો ઈન્સાફ પોતાની વચ્ચે કાયમ કરે.

માત્ર અને માત્ર ઈમામ મહદી(અ.સ.) છે જે સંપૂર્ણ રીતે જે રીતે તેનો હક્ક છે, અદાલતને કાયમ કરશે અને ફક્ત ઈમામ મહદી(અ.સ.)ના માટે જ આ વાક્ય હદીસોમાં મળે છે **"યમ્લઉલ્ અર્ઝ કીસ્તવ્ વ અદ્‌લા"** આનાથી અગાઉની હદીસમાં પણ ખુબ જ સ્પષ્ટ શબ્દોમાં આ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે.

અદાલત અને ઈન્સાફનું ઈમામે ઝમાના(અ.સ.)ના ઝુહુરના ઝમાનામાં હોવું ફક્ત સામાજિક હદો સુધી મર્યાદિત નહી હશે પરંતુ અદાલતનો કાનૂન જીંદગીના દરેક ભાગમાં આશ્ચર્યજનક રીતે મૌજુદ હશે. હદીસમાં આવ્યુ છે કે જ્યારે હઝરત મહદી(અ.સ.) આવશે તો ન ફક્ત ઈન્સાનો અને આબાદીઓમાં બલ્કે પૂરી ઝમીનને અદ્‌લો ઈન્સાફથી ભરી દેશે ત્યાં સુધી કે ઝરણાનું એક ટીપુ પાણી પણ વ્યર્થ નહી જાય અને ન તો કોઈ ઝાડનું ફળ ઝુલ્મ અને ઈસ્રાફના લીધે વૃક્ષ પરથી નહી લેવામાં આવે પરંતુ તેમના ઝમાનામાં દરેક જગ્યાએ અદ્‌લો ઈન્સાફનો પરચમ બુલંદ હશે. ઝમીનનો કોઈ પણ હિસ્સો અદ્‌લો ઈન્સાફથી ખાલી નહી હોય અને ઠંડી અને ગરમીની જેમ દરેક ઘરમાં હશે. એટલે કે જે રીતે ઠંડી અને ગરમી દરેક ઘરમાં આપ મેળે આવી જાય છે અને પૂરી આબોહવા પર છવાઈ જાય છે અને દરેક ચીજ પર અસરકારક હોય છે તે રીતે ઈમામે ઝમાના(અ.સ.)નો અદ્‌લો ઈન્સાફ છે.

કેહવામાં આવે છે કે ઈમામે ઝમાના(અ.સ.)ની હુકુમતના પ્રથમ ગાળામાં મક્કાથી હુકુમતના જવાબદાર લોકો એલાન કરાવશે જે શખ્સ પોતાની વાજીબ નમાઝ હજ્રે અસ્વદની પાસે અને તવાફની જગ્યા પર પઢી ચૂક્યો છે અને નાફેલા પઢવા ચાહે છે તે પાછળ ચાલ્યો જાય અને જે નમાઝે વાજીબ પઢવા ચાહે છે તે આગળ આવીને પઢી લે જેથી કોઈનો હક બરબાદ ન થાય. એટલે કે એટલી હદ સુધી લોકોના હક્કોનો ખ્યાલ રાખવામાં આવશે. આથી હુકુમતમાં સોઈના નાકા જેટલો પણ કોઈના પર ઝુલ્મો સિતમ નહી થાય. દરેકને તેનો હક મળી જશે.

(૨) હદીસ મુજબ ઈમામે ઝમાના(અ.સ.) હઝરત દાઉદ(અ.સ.) અને હઝરત સુલૈમાન(અ.સ.)ની જેમ ફેંસલો કરશે (એટલે પોતાના ઈલ્મ પ્રમાણે ફેંસલો કરશે. એટલે કે દાવો કરનાર અને ઈન્કાર કરવાવાળાથી કોઈ પ્રકારની ગવાહી અથવા બયાન માંગશે નહિ) અને એજ રીતે પૈગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.)ની જેમ ફેંસલો કરશે એટલે કે દલીલ શાહિદ હોવાની બુનિયાદ પર ફેંસલો કરશે. એટલે ઈમામે ઝમાના (અ.સ.) બંને તરીકાથી ફેંસલો સંભળાવશે.

(૩) હદીસ મુજબ તે ઝમાનામાં ઈલ્મ અને ટેકનોલોજી, કળા અને કારીગરીની રીત એટલી બધી સંપૂર્ણ હશે કે મુજરીમો પોતાના જુર્મની નિશાનીઓને છુપાવવામાં કામ્યાબ નહી થશે, કારણ કે ઈમામ(અ.સ.)ની હુકુમતમાં સખ્ત પહેરો હશે, એટલા માટે ગુનેહગાર પોતાના ઘરમાં પણ સુરક્ષિત નહી હોય કારણ કે અદ્યતન સાધનોથી કન્ટ્રોલ કરવુ શક્ય હશે ત્યાં સુધી કે શક્ય છે કે તેની અવાજના તારને દિવાલની પાછળથી કન્ટ્રોલ કરવામાં આવી શકાય.

આ પોતે પણ એક મોટો ઈશારો છે ફસાદથી મુકાબલો કરવા માટે ઈમામ(અ.સ.)ની હુકુમતના હાથ ખુબ જ લાંબા હશે અને આનાથી એ પણ માલુમ થાય છે કે તમામ પ્રસંગોમાં જરૂરી નથી કે ઈમામ(અ.સ.) પોતાના ઈલ્મે ગૈબનો ઉપયોગ કરે પરંતુ ઘણા બધા બનાવોમાં ઈમામ(અ.સ.)નો ફેંસલો એ ઈલ્મની બુનિયાદ પર હશે જે તે ઝમાનામાં સામાન્ય પણે જોવા મળે છે.

એ વાત સ્પષ્ટ છે કે આ પ્રકારના વિશાળ ઈલ્મ વગર પુરી દુનિયામાં એક વૈશ્વિક હુકુમત બનાવવી અને અમ્નો અમાન અને અદાલત કાયમ કરવી જે દરેક દ્રષ્ટિકોણથી મજબુત અને સંપૂર્ણ હોય બહુ જ દૂર નહી હોય જેમ કે ત્રીજી હદીસથી માલુમ થાય છે.

આ પ્રગતિશીલ વ્યવસ્થાથી દુનિયા ઈન્સાનની હથેળીની જેમ થઈ જશે. જમીનના ઉતાર અને ચઢાવ જમીનની મખ્લુકને જોવા માટે અવરોધ રૂપ નહી હોય

(૪) ઈમામ(અ.સ.) ફક્ત લોકોના ચેહરા જોઈને જાણી લેશે કે ગુનેહગાર છે કે નહિ, નેક છે કે બુરો છે, દોસ્ત છે કે દુશ્મન છે. કારણ કે અલ્લાહ તઆલા તેમને ચેહરો ઓળખવાનું ઈલ્મ અતા કરશે. એ વાત સ્પષ્ટ અને જાહેર છે કે ઈમામ(અ.સ.) પોતાની એક નજરથી તેને ઓળખી લેશે અને ઈમામ(અ.સ.)ને ફેંસલો કરવા માટે દલીલ અને ગવાહની

જરૂર નહી હોય.

(૫) ઇમામે ઝમાના(અ.સ.)ની હુકુમતના ઝમાનામાં તમામ ચીજો ઇમામ(અ.સ.)ના શીઆઓ માટે સ્પષ્ટ અને જાહેર હશે. ઇમામ(અ.સ.)ની વાત તો દૂર ઇમામ(અ.સ.)એ નિમણુંક કરેલ ફેંસલો કરવાવાળાઓ પણ પોતાના ઇલ્મથી ફેંસલો કરશે.

(૬) ઇમામ(અ.સ.)ના ફેંસલાઓમાંથી એક ઇમામ (અ.સ.)નું હદ જારી કરવાનો ફેંસલો છે. તે મુર્દાઓ કે જેઓ પર તેમની જીંદગી દરમિયાન હદ હતી, પરંતુ જારી કરવામાં આવી ન હતી.

(૭) ઇમામે ઝમાના(અ.સ.) પોતાની હુકુમતના તમામ ગામ શહેરો અને જિલ્લાઓ માટે હાકિમ અને કાઝી નક્કી કરશે અને નિમણુંક કરતી વખતે પોતાનો હાથ તેમના ખભા અને છાતી પર ફેરવશે અને ફરમાવશે કે જ્યારે કોઇ બાબતે ફેંસલો ન કરી શકો અથવા કોઇ મુશ્કેલી આવે તો પોતાની હથેળીને જોવી કારણ કે ફેંસલો કરવા માટે જે ચીજની જરૂરત હોય છે તે તેમાં પેહલેથી હશે. આ દલીલની બુનિયાદ પર ઇમામ(અ.સ.)ની તરફથી નિમણુંક પામેલ કાઝીને કોઇ ચીજની મુશ્કેલી નહી આવે અને મોટા ભાગના મસઅલાઓ જાણતા હશે. તેઓ પોતાના ઇલ્મથી ફેંસલો કરશે. અલબત્ત ગવાહો અને ઇન્કાર કરનારાઓની કસમ જે ઇસ્લામી રીત છે તેનાથી પણ ફાયદો ઉઠાવશે. પરંતુ જે જગ્યાએ આ તરીકો ફાયદામંદ નહી હોય ત્યાં પોતાની હથેળીને જોશે અને મુશ્કેલી દૂર થઇ જશે.

(૮) ઇમામે ઝમાના(અ.સ.) દરેક કૌમ અને કબીલાની વચ્ચે તેઓની જ કિતાબ અને કાનૂન પ્રમાણે ફેંસલો કરશે. યહુદીઓને તૌરેત મુજબ, ઇસાઇઓને ઇંજીલ પ્રમાણે અને ઝબુરવાળાઓને ઝબુરથી તથા મુસલમાનો દરમિયાન કુર્આનથી ફેંસલો કરશે.

(૯) કારણ કે ઇમામ(અ.સ.)નો ફેંસલો કરવાનો તરીકો દુન્યવી હાકિમોથી અલગ છે, ઇમામ(અ.સ.) નવી કિતાબ અને નવા પ્રકારના ફેંસલા કરશે.

(૧૦) ઇમામે ઝમાના(અ.સ.) ઝકાતનો ઇન્કાર કરવા અને અદા ન કરવાવાળાઓને કત્લ કરશે કારણ કે ઝકાત જરૂરીયાતે દીનમાંથી છે. અગર કોઇ ઇન્કાર કરે અથવા અદા કરવાથી મનાઇ કરે તો તે મુરતદ થઇ જશે અને મુરતદે ફિતરીનો હુકમ કત્લ છે. જો કે ઝુહુર પહેલા આ પ્રકારની હદ જારી નહી થાય પરંતુ ઇમામ(અ.સ.) પોતાના ઝુહુરના ઝમાનામાં મુરતદે ફિતરી પર હદ જારી કરશે અને તેને કત્લ કરી દેશે.

(૧૧) ઇમામે અસ્ર(અ.સ.) ઇમામ હુસૈન (અ.સ.)ના કાતિલોની નસ્લોથી ઇન્તેકામ લેશે અને જ્યારે ઇમામ રેઝા(અ.સ.)થી સવાલ કરવામાં આવ્યો કે શા માટે બાપ-દાદાના ગુનાહના લીધે તેઓની અવલાદને કત્લ કરવામાં આવશે. ઇમામ (અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું: તેઓ પોતાના બાપ-દાદાના કાર્યો પર રાજી અને ખુશ છે અને જે શખ્સ કોઇ કૌમના કાર્યથી રાજી હોય તેના પર તેનો હુકમ જારી થશે. અલબત્ત આ ચીજો પણ ઇમામે અસ્ર(અ.સ.)થી મખ્સુસ છે નહીતર આજે બીજાઓના દરેક કાર્ય પર રાજી રહેતા હોય છે તે શખ્સ પર હદ જારી નથી કરી શકાતી.

અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ માટે હાથ બલંદ છે કે અલ્લાહ એ ઇમામે બરહકનો ઝુહુર આપણી જીંદગીમાં કરાર આપે અને આપણને તેમના નાસિરો અને મદદગારમાં શુમાર કરે અને આપણા આમાલને ઇમામ(અ.સ.)ની પસંદ પ્રમાણે બનાવે અને તેમના ઝુહુરે પૂરનૂરમાં જલ્દી કરે આમીન.

---ooo---

**અનુસંધાન પાના નં. ૧ થી શરૂ ...**

અમાનતને લઇને આવ્યા તે એક એવો મોહબ્બતનો પૈગામ હતો અને તે પૈગામનું નામ 'ઇતાઅત' રાખ્યુ અને પોતાના દીનનું નામ 'ઇસ્લામ' રાખ્યું, જે સલામતી, શાંતિ, અમ્નો અમાન અને સૌથી વધીને દિલના સુકુનનું ચલણ લઇને આવ્યા. હવે જેઓ ઇમાન લાવ્યા તેઓ દિલના સુકુન હાંસિલ કરવાના હકદાર બન્યા. જેનાથી તેઓની અક્લમાં રોશની વધવા લાગી અને ઉંચાઇની મંઝિલો દેખાવા લાગી અને પગોમાં બુલંદીઓ તરફ આગળ વધવાની ક્ષમતા પૈદા થવા લાગી. એ રૂહાની ઉત્તેજન એ ચીજ છે જેને મોહબ્બત કહે છે ઇન્સાનના માથા પર જ્યારે અશરફીય્યતનો તાજ રાખી દેવામાં આવ્યો તો તેની ફિતરતમાં એક એવું જવહર પણ રાખી દેવામાં આવ્યું જે તેની અનંત રેહમત અને મોહબ્બતને કબુલ કરવાની ક્ષમતા પણ રાખતુ હોય જેથી તે પોતાના એ ખુદાને કે જે કંઝે મખ્ફી (છુપો ખઝાનો) છે તેને ઓળખી શકે અને ખુદાએ એ

જ જવહરને મોહબ્બતનુ નૂર ગણાવ્યુ છે. (આ બંને વ્યાખ્યાઓ મોહબ્બતના સિક્કાની બે બાજુઓ છે)

જ્યારે અમાનતની હેઠળ જે મોહબ્બત દેખા દેય છે તે સમજમાં આવી જાય છે, તો મુરસલે આઝમ(સ.અ.વ.)ના ખભા પર જે અમાનતને પહોંચાડવાની જવાબદારી રાખી દીધી તેની ઉંચી અઝમતો અમુક અર્થ અને મતલબો બયાન કરે છે.

## મોહબ્બત અને અમાનતઃ

અલ્લાહ તઆલાને પોતાના હબીબથી કેટલી મોહબ્બત હતી કે બેઅસતના પહેલા તેણે મક્કા શહેરમાં દરેક શખ્સની જીભ પર આપના નામની સાથે ''મોહમ્મદે અમીન(સ.અ.વ.)''ની ચર્ચા મશ્હુર કરી દીધી હતી. એ જ મોહબ્બતના તકાઝાને હુઝુરે સરવરે કાએનાત(સ.અ.વ.) દરેક શ્વાસ પર અદા કરી રહ્યા હતા અને એ જ સચ્ચાઇને કુર્આને કરીમે આ આયતે કરીમાને કેટલીયે વાર પુનરાવર્તન કરીને એ વાતનું યકીન દેવડાવ્યું અને હુજ્જત તમામ કરી દીધી. ''ઇન્ની લકુમ રસુલુન અમીનુન'' ''હું તમારા માટે રસુલે અમીન છું''

## મોહબ્બત અને પરહેઝગારીઃ

હુઝુરે સરવરે કાએનાત(સ.અ.વ.)એ પોતાની આ અમાનતને ખુદાના બંદાઓ સુધી પહોંચાડવાની જવાબદારી અતા કરી હતી, તે તકવા અને પરહેઝગારી હતી અને ૨૩ વરસની રિસાલતના કાર્યોમાં પરહેઝગારીની તાલીમ પોતાના કૌલ અને કાર્ય તથા લખાણથી એટલી ખુબી પૂર્વક અંજામ આપ્યુ કે આખરે રબ્બુલ ઇઝ્ઝતે તેના પર અકમલ્તો અને અત્મમ્તોની મોહર લગાવી દીધી. પરહેઝગારી અથવા તકવા, ખૌફે ખુદાને દિલમાં બેસાડવા પછી ઇન્સાનને પ્રારંભિક મંઝિલોથી સુરૈયા (સુર્યમાળા)થી બહુ જ બુલંદ લઇ જાય છે અને આસ્માનોની સફર કરાવે છે. તેના દરજ્જાઓ સ્ટેપ બાય સ્ટેપ (પગલે પગલે) પૂર્ણ થાય છે. પરંતુ અનેક આફતોમાં અને બનાવોમાં એક ઇન્સાન એવા ભંવરમાં હાથ પગ પછાડતો રહે છે કે તે પોતાની અંદર જુવે છે કે પોતાની સિસ્ટમમાં શૌખની સાથે સાથે સફર નથી કરી શક્તો, પરંતુ નિરાશા એ થાકીને બેસી જવાનુ નામ છે અને મોહબ્બત મંઝિલની તલાશમાં આગળ વધવાની લાગણીનું નામ છે.

## પરહેઝગારીઃ

જેવી રીતે મોહબ્બત એ અમાનતની દેખરેખ રાખનાર છે, તેવી જ રીતે પરહેઝગારી મોહબ્બતનુ રક્ષણ કરે છે. પગલે પગલે ઠોકર લાગે છે. આ પડતા માણસને પરહેઝગારી બચાવે છે, ઉઠાડે છે. દામનમાંથી ધૂળ-રજકણને ખંખેરે છે, હિમ્મત અને હોંસલો આપે છે અને એક કાર્ય કરવાની શક્તિ અને લોખંડી નિર્ણયને પૈદા કરવાની તરફ દાવત આપે છે અને તેના દિલથી મોહબ્બતના નૂર પર કોઇ પરદો પડી જાય તો તેને રોકી લે છે, તે નિર્ભય થઇ જાય છે તો તેનુ કારણ પરહેઝગારી છે. આથી અલ્લાહ તબારક વ તઆલા ઇરશાદ ફરમાવે છેઃ

***યહ્દી બેહીલ્લાહો મનીત્તબઅ રીઝવાનહુ સોબોલસ્સલામે વ યુખ્રેજોહુમ મેનઝ્ઝોલોમાતે એલન્નૂરે બે ઇઝ્નેહી વ યહદીહીમ એલા સેરાતીમ્મુસ્તકીમ***

***''જે દ્વારા અલ્લાહ તે લોકોને કે જેઓ તેની મરજીનું અનુકરણ કરે છે તેમને સલામતીનો માર્ગ દેખાડે છે તથા તેમને (કુફ્રના) અંધકારમાંથી કાઢી પોતાના હુકમથી (ઇમાનની) રોશની તરફ લઇ આવે છે અને તેમને સીધા માર્ગ સુધી પહોંચાડી દે છે''***

(સુરે માએદાહ, આયતઃ ૧૬)

## પરહેઝગારી અને ઇતાઅતઃ

જેવી રીતે પરહેઝગારી મોહબ્બતનુ રક્ષણ કરે છે એ જ રીતે ઇતાઅત એ પરિબળો છે જેના પર પરહેઝગારીનો આધાર છે. કુર્આને કરીમની સૌ પ્રથમ ઉલ્લેખ કરેલ (સુરા નં. ૨૬, આયતઃ ૧૦૭-૧૦૮) આયતે કરીમામાં 'અતીઉન' તે અંતિમ શબ્દ છે જેના પર આયત ખત્મ થાય છે. ઇતાઅત વગર તકવા સમજમાં નથી આવી શક્તો. કલામે બલાગત નિઝામે અતીઉ કહીને જાણે તકવાના પછીના પાનાઓ ખોલવાનું શરૂ કરી દીધુ. ઇતાઅત દરેક હુકમ પર અમલ કરવા તૈયાર રહેવુ છે. દરેક સમયે તૈયાર રહેવુ. દરેક સમયે ફુંકી ફુંકીને પગ રાખવો.

## ઈમામત અને મોહબ્બતઃ

મોહબ્બતના જવહરને પોતાના અંદર હંમેશા ચમકતુ રાખવા માટે દરેક ઈમામતના સમયગાળામાં જે લોકો ઈસ્લામી તાલીમાતથી સદ્ભાગ્યશાળી હતા, પગલે પગલે ઈમામ (અ.સ.)ની રાહબરીને કબુલ કરી અને તેમના બનાવેલા નકશ પર ચાલતા રહ્યા. પડતી વખતે સંભળવાની રીત શીખી અને ઈમામ(અ.સ.)ની મોહબ્બતની તઝકીય્યા(શુધ્ધતા)ની તરફ કોશિશ કરતા રહ્યા.

ઈમામ જાફરે સાદિક(અ.સ.)ને આપ(અ.સ.)ના એક ચાહવાવાળાએ ઝબાન પર ફરિયાદ લાવવાની હિમ્મત કરી અને કહ્યુ કે આ બાતિલ પરસ્ત હુકુમતના નોકરો કેટલા એશો આરામની જીંદગી પસાર કરે છે અને આપણે હક પરસ્ત કેટલી દબાણ ભરેલી જીંદગી પસાર કરી રહ્યા છીએ. સાદિકે આલે મોહમ્મદ(અ.સ.)એ તેને અશરફી ભરેલી એક થેલી આપી અને કહ્યું તુ પણ એશની જીંદગી વીતાવવાની તમન્ના પુરી કરી લે અને જ્યારે તે અશરફી ભરેલી થેલી લઈને ચાલવા લાગ્યો તો આપ(અ.સ.)એ કહ્યુઃ એક શર્ત છે અને તે એ કે મારી મોહબ્બત મને પાછી આપી દે. ચાહવાવાળાના હાથ પગ ધ્રુજવા લાગ્યા અને તેના હાથમાંથી તે થેલી ત્યાં પડી ગઈ. આંખોમાં આંસુ સાથે કેહવા લાગ્યોઃ આપની મોહબ્બત જે હંમેશની જીંદગીની ઝમાનત છે તેના બદલમાં આ રકમ, આ અશરફીની થેલીની કાંઈ કિંમત નથી. આ રીતે ઈમામ(અ.સ.)ની મોહબ્બતની શુધ્ધતાએ રૂહને ખુશી અને દિલને યકીનથી ફૈઝયાબ કર્યુ. કારણ કે ઈમામે વક્તની હાજરીમાં હતો એ ઈમામ કે જેની સામે દુનિયાની હકીકતોના આઈના મૌજુદ હતા, જે દિલની કૈફીયતોથી વાકિફ હતા, જે અલ્લાહના વલી અને આ ઝમીન પર તેના ખલીફા હતા. આથી હકથી ચેહરો ફેરવવાની ભૂલથી બચી ગયો નહિતર અમૂક દિવસની જીંદગીના બદલામાં આખેરત ખોઈ બેસત.

## આ ઝમાનો અને ઈમામે અસ્ર(અ.સ.)થી મોહબ્બતના તકાઝાઓઃ

એ ઝમાનો હતો કે જ્યારે ઈમામ(અ.સ.) સામે હતા. ઈમામ(અ.સ.)ના ઈલ્મથી ફાયદો ઉઠાવવાવાળા અને ઈતાઅત ગુઝાર તથા મોહબ્બતના મૂલ્યોથી સદ્ભાગ્યશાળી અસ્હાબ હતા. એ ઝમાનો પોતાનુ રૂપ બતાવીને હિ.સ. ૬૦ માં ખત્મ થઈ ગયો અને ભવિષ્યવાણીની તે અવાજ જે ગદીરમાં બુલંદ થઈ હતી, અકીદતમંદો, ઈમામ(અ.સ)ના મોઅતકેદીન અને ઈમામતના ભેદને જાણવાવાળા ભણેલ ગણેલ લોકોની યાદોમાં વસેલી હતી. આવા લોકો ઓછા ન હતા પરંતુ ચારે બાજુ ફેલાએલા હતા.

ઈમામે વક્ત હિ.સ. ૨૬૦ માં ગૈબતે સુગરામાં ચાલ્યા ગયા. સ્પષ્ટતાની જરૂરત નથી. હુકુમત અને જાસુસો અને એ દુશ્મનો જે રાજકારણથી જોડાએલા હતા, તેઓની જાળ ચારે તરફ બિછાવેલી હતી અને તેનુ વિગતવાર વર્ણન ઈતિહાસની કિતાબોમાં મૌજુદ છે.

હિ.સ. ૩૨૯ માં નવ્વાબે ખાસનો ક્રમ તૂટી ગયો અને ગૈબતે કુબરાની શરૂઆત થઈ. હઝરત(અ.સ.)એ આખરી તૌકીઅમાં ફરમાવી દીધુ કે હવે મારી ગૈબતે કુબરાનો સમય શરૂ થઈ ગયો છે અને જેઓ મુજતહીદ હશે તે અમારી તરફથી નયાબત પર મુકર્રર છે અને તે એ જ હશે જે સહીહ રિવાયતો પર પકડ ધરાવતા હશે અને પોતાના ઈલ્મ પર ઈજતેહાદની સનદ ધરાવતા હશે.

ખવાસ એટલે ઈલ્મ અને હિકમત ધરાવનારાઓ, ઓલમા અને ફોકહાથી વાત સામાન્ય લોકો સુધી પહોંચશે તો અકાએદ અને એહકામ સ્થાપિત થતા રહેશે. બિલ્કુલ સહીહ છે પરંતુ અહીં ઈમામ(અ.સ.)ની મોહબ્બતની શુધ્ધતાની ચર્ચા કેવી રીતે દરેક માટે શક્ય હોય, આ એક પ્રશ્નાર્થ ચિહ્ન છે. તેનો સંબંધ ઈન્સાનના નફસથી છે. જ્યાં સુધી ઈન્સાનનો નફસ પાકીઝા નહી હોય ત્યાં સુધી એહલે ઈલ્મ અને એહલે ઝિક્રની વાતોને કઈ રીતે કબુલ કરશે? આથી જરૂરી છે કે નફસની પાકીઝગીની તૈયારી હોય અને આ એ જ સમયે શક્ય છે જ્યારે આપણે અલ્લાહની કિતાબ, અલ્લાહના ફરમાનની કિતાબ કુર્આને મજીદથી એક મજબુત અને સતત સંબંધને બનાવીએ અને તેના પ્રકાશમાં આપણી ઈમામ(અ.સ.) પ્રત્યેની મોહબ્બતને તપાસતા રહીએ અને જોઈએ કે નફસ કેટલો પાક થયો અને ઈમામે ઝમાના(અ.સ.)ની મોહબ્બત કેટલા પ્રમાણમાં અને કેટલી હદ સુધી તેમાં વસી રહી છે.

## તઝકીય્યએ નફસ અને ઉમ્મુલ કિતાબ કુર્આને મજીદઃ

ખુદાવંદે મોતઆલ કિતાબને દોસ્ત રાખવાવાળાઓ માટે ઈરશાદ ફરમાવે છેઃ

*"વ એઝા કરઅ્તલ્ કુર્આન જઅલ્ના બય્નક વ બય્નલ્લઝીન લા યુઅ્મેનુન બીલ્ આખેરતે હેજાબમ મસ્તુરા"*

*"જ્યારે તમે કુર્આનની તિલાવત કરો છો તો ખુદા તમારી અને જે આખેરત પર ઈમાન નથી રાખતા તેમની વચ્ચે એક છુપાયેલો પર્દો નાખી દે છે"*

(સુરે ઇસ્રા, આયતઃ ૪૫)

અને આ રીતે તે કે જે દુનિયાને અને તેની જગમગાહટ અને ગુમરાહીઓના રસ્તાઓ પર એશો આરામના પડાવ નાખી દીધા છે. તેનાથી બચાવી લેય છે, પોતાની પનાહમાં રાખે છે અને આખેરત પર યકીન રાખવાવાળાના દિલોમાં બોલતી કિતાબ એટલે જે ઇલાહી હિકમતના રહસ્યોથી જાણકાર છે અને ઇમામતના હોદ્દા પર બિરાજમાન છે, તેમની મોહબ્બતને દિલમાં જગાવી દે છે અને તે કે જેઓ આખેરત પર યકીન નથી રાખતા તેમને પણ સાવચેત કરે છે.

*"અફલા યતદબ્બરૂનલ્ કુર્આન અમ્ અલા કોલુબીન અક્ફાલોહા"*

*"કુર્આનમાં ચિંતન મનન શા માટે નથી કરતા? શું તેઓના દિલો પર તાળા લાગેલા છે"*

(સુરે મોહમ્મદ, આયતઃ ૨૪)

## તઝકીય્યએ નફસઃ

જ્યારે મોઅમીનના કાનોમાં ઇલાહી ફરમાન કુર્આન પર ચિંતન મનન કરવાની અવાજ ગુંજે છે તો તે તેની શરૂઆતની મંઝિલો પરથી પસાર થઇને પોતાની ઉંચી મંઝિલોને શોધે છે. જેના માટે તેને કુર્આનની સમજણની તલાશ પૈદા થાય છે અને આ તો તે સમયે શક્ય છે કે જ્યારે કોઇ મોહબ્બત કરવાવાળુ મહેરબાન હિકમતના માલિક પોતાની રાહનુમાઇથી જાણકાર કરી દે. અલ હમ્દો લિલ્લાહ આ વિચાર આવવાથી પાક નફસોના દિલ પોતાના ઇમામ(અ.સ.)ના ઇશારાની તરફ દરેક સમયે અવાજ તરફ કાન ધરીને તૈયાર રહે છે. એ ઇમામ ગૈબતમાં રહીને દરેક સમયે આપણી સામે છે અને પોતાની મોહબ્બત અને ઇનાયતથી આપણી નવાઝિશ કરે છે. તેમણે આપણી હિદાયત કરી તો ઇલાહી કલામની બીજી આયતે આપણને ટેકો આપ્યો અને આપણી વિચારશૈલીમાં મોહબ્બતની રોશનીમાં એક સંશોધન અને એક તલાશના માટે દરવાજા ખોલી દીધા તે આયત આ છેઃ

*"લકદ્ અર્સલ્ના રોસોલના બીલ્ બય્યેનાતે વ અન્ઝલ્ના મઅહોમુલ્ કેતાબ વલ્ મિઝાન લે યકુમન્નાસો બિલ્ કિસ્ત"*

*"બેશક અમે સ્પષ્ટ નિશાનીઓ સાથે રસુલો મોકલ્યા અને તેઓની સાથે કિતાબ અને મિઝાનને નાઝિલ કર્યુ. જેથી લોકો ઇત્મિનાન, નિર્ભયતા પૂર્વક અમ્નો અમાનથી જીવન પસાર કરી શકે"*

(સુરે હદીદ, આયતઃ ૨૫)

જે ઇત્મિનાનને આખી દુનિયાએ અસ્તિત્વમાં નથી એમ સમજ્યુ છે, અલ્લાહે પોતાના નેક બંદાઓ એટલે કે કારીએ કુર્આન અને ઇમામ(અ.સ.)ના દામન સાથે જોડાયેલાના માટે એવી રીતે અતા કર્યુ છે કે સીધા રસ્તામાં એક તરફ કિતાબ અને બીજી તરફ ઇમામ(અ.સ.)ની મોહબ્બતને એટલે મિઝાનને દિવારની જેમ રાખી દીધુ, જેથી મોહબ્બતના અમીન ઇન્સાન દરેક રીતે સુરક્ષિત થઇ જાય. અફસોસ આજની દુનિયાએ મિઝાનના શબ્દથી મુસલમાનોએ ન ઇન્સાફ કર્યો અને ન તો સમજવાની કોશિશ કરી. જે મોહમ્મદ(સ.અ.વ.) રસુલ છે, ઇમામ(અ.સ.) પણ તેમના જાનશીન જ છે. તેમનું નામ પણ તે જ મીમ-હે-મીમ-દાલ છે. મોહબ્બત પવિત્ર નફસોનું રહેઠાણ છે. તે ઇમામ(અ.સ.) તરફ આકર્ષણ પૈદા કરે છે. તે રીતભાત શીખવે છે. કઇ રીતે ઇમામ(અ.સ.)ની તરફ, ઇમામ(અ.સ.)ની મરજી, ઇમામ(અ.સ.)ના ઇશારા, ઇમામ(અ.સ.) પ્રત્યે પોતાની જવાબદારીઓથી આગાહ રહેવુ, પોતાની આશાઓના દીવાઓને પોતાના દિલમાં રોશન રાખવા. યાદ રહે એ દિલ કે જ્યાં ઇમામ(અ.સ.)ની મોહબ્બતનું રહેઠાણ છે તે બિલકુલ એ પક્ષી જેવુ થઇ જાય છે જે સાંજ થતા જ પોતાના માળા તરફ ઉડીને જાય છે.

## તઝકીય્યએ મોહબ્બતે ઇમામે ઝમાના(અ.સ.) અને તેનાથી મળતા પરિણામોઃ

ખુદાવંદે મોતઆલે કેવી લતીફ ચીજને નૂરના પેહરણમાં ઇઝહારની સાથે માટીના શરીરમાં રાખીને કેવા દિલને ગમી જાય તેવા અંદાજમાં ઇન્સાનને સંબોધન કરી રહ્યો છે. અગર એ ઇન્સાન તે આ જવહરને બચાવી લીધુ તો પોતાની બુલંદ

મંઝિલોથી પસાર થઇને આસ્માનોની સફર કરવાને લાયક થઇ જશે. દુનિયાની બલંદીઓ તમારી સામે હશે. અગર આ આયતે કરીમાના અરીસામાં ઇન્સાન વિચારે તો આ જ અર્થ સામે આવશે.

*''હોવલ્લઝી અન્ઝલસ્સકીનત ફી કોલુબીલ્ મોઅમેનીન લે યઝ્દાદુ ઇમાનન મઅ ઇમાનેહીમ્ વ લીલ્લાહે જોનુદુસ્સમાવાતે વલ્અર્ઝે વ કાનલ્લાહો અલીમન હકીમા''*

*''તે અલ્લાહ એ જ છે કે જે મોઅમીનોના દિલોમાં સુકુન નાઝિલ કરે છે અને તેના ઇમાનના સ્તરમાં વધારો કરે છે અને તેનું લશ્કર આસ્માનો અને ઝમીનમાં ફેલાયેલુ છે અને તે ખુબ જ જાણવાવાળો અને હિકમતવાળો છે''*

(સુરે ફતહ, આયતઃ ૪)

આપણો ખાલિક આપણા બધા પર કેટલો મહેરબાન છે. તેણે તૌબા અને ઇસ્તિગ્ફાર કરવાની રીત શીખવાડી, પસ્તાવાવાળા પર રહેમત નાઝિલ કરવાનો વાયદો કર્યો, શરથી બચવા માટે નિયમો આપ્યા. મોઅમીનની વાતચીતમાં રેશમ જેવી નરમાશ અતા કરી, વર્તણુકમાં આકર્ષણ પૈદા કરી દીધુ, સૈરો-સુલુક માટે તૈયારી પૈદા કરી દીધી, ખુબ જ જલ્દી રાજી થઇ જશે એવુ યકીન પૈદા કરી દીધુ, પોતાની યાદને પોતાના અસ્માએ હુસ્નાની સાથે શીફાની ઝમાનતદાર બનાવી, પોતાના વલી ઇમામે વક્તને પોતાના તરફથી વિલાયત અને મોહબ્બતની ધરી બનાવી. હવે અગર પોતાના ઇમામ(અ.સ.)થી તઝકીયએ મોહબ્બત કરવાની રીત ન આવડી અને ગફલતના પર્દા ન હટ્યા તો ઇન્સાન પોતે જવાબદાર છે. હુજ્જતે બાલેગા માટે સાંભળનારા કાન આપ્યા. અક્લ અને સમજણના ચિરાગ ફિતરતમાં પ્રકાશિત કર્યા છે. આથી ઇમામે ઝમાના(અ.સ.)ની મોહબ્બતનો તકાઝો છે કે ઇન્સાન તેની શુધ્ધતા કરતો રહે.

વાંચકો આ જ મોહબ્બતનો પૈગામ સલામ છે. આ જ તે ગભરાતા દિલને સહારો દેવાનુ નામ છે. મોઅમીન જ્યારે હાલની બદકારીઓ, નગ્નતા, શરાબ અને જુગારમાં લોકોના ટોળે ટોળા જુએ છે તો ગભરાય છે. ક્યા રસ્તેથી પોતાના ઇમામ(અ.સ.)ની નજદીક જાય, કેવી રીતે પોતાની મોહબ્બતના જવહરને ગંદગીઓથી બચાવે. તે આતંકવાદીઓનો શિકાર, યતીમોની તડપ, વિધવાઓના મુરઝાએલા ચેહરાઓ, ઝખ્મી લોકોની આહ, લાચારોનું ગિર્યા. ટૂંકમાં ખુનના વરસાદને જોઇને ભયભીત થઇને પોતાના ઇમામ(અ.સ.) પ્રત્યે મોહબ્બતને કાયમ રાખવા માટે ખુદાથી મદદ માંગે છે. ખુદાયા અમને બચાવી લે, અમારી હિફાઝત કર. જવાબમાં ખુદા ફરમાવે છેઃ

*''વસ્તઇનુ બિસ્સબ્રે વસ્સલાત વ ઇન્નહા લ કબીરતુન ઇલ્લા અલલ્ ખાશેઇન''*

*''અને સબ્ર તથા નમાઝ વડે (નમાઝ પઢવી) મદદ માંગતા રહો અને બેશક તે એક ભારે (કાર્ય) છે, સિવાય તે લોકોના માટે કે જેઓ નમ્ર છે''*

(સુરે બકરહ, આયતઃ ૪૫)

બાકી બધા માટે અઘરૂ છે. આ એક કિલ્લાની જેવી આયત છે અને દરેક ઇબાદત મોહબ્બતે એહલેબૈત(અ.મુ.સ.) વગર ફાયદા વગરની છે. જ્યારે ઇમામ એક સરહદ છે. અલ્લામા ઇકબાલે અવ્વલ મોહમ્મદ(સ.અ.વ.)ના માટે કહ્યુ હતુ, જે આજના ઝમાનાના મોહમ્મદ(અ.સ.) (મીમ-હે-મીમ-દાલ) પર લાગુ પડે છે.

**કી મોહમ્મદ(સ.)સે વફા તુને, તો હમ તેરે હૈ.**
**યે જહાં ચીજ હૈ ક્યા, લવ્હ વ કલમ તેરે હૈ.**

ગયબતમાં રહીને યતીમોની, અમારી કૌમની બેવાઓની, ઘાયલોની, લાચારો અને મઝલુમોની ફરિયાદ જે તેમના ઇમાન, તેમની મોહબ્બતના થકી મૌલા આપ સુધી પહોંચી રહી છે, તેને પોતાના મહેરબાનીના દામનમાં લઇ લ્યો. અમે શરમીંદા છીએ કે મોહબ્બતનો હક અદા કરવામાં અમારા હાથ ટૂંકા છે, પરંતુ અમારી ઉમ્મીદ ફકત આપની સાથે જોડાયેલ છે અમે નાઉમ્મીદ અને મદદગાર વગરના નથી. આપનું પવિત્ર વુજુદ કાએનાતને સંભાળી રહ્યુ છે અને આપ(અ.સ.) મારા મદદગાર છો.